# સ્વાનુભૂતિપ્રકાશ

વીર સંવત–૨૫૩૫ : અંક–૧૬૧ વર્ષ - ૧૪ : ફેબ્રુઆરી–૨૦૧૧

## પોષ સુદ ૩, શુક્રવાર તા. ૧૩-૦૧-૧૯૬૯, પુરુષાર્થસિદ્ધિ-ઉપાય ગાથા-૧૪ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનું પ્રવચન, પ્રવચન–૧૬



'આગળ આ સંસારનું મૂળ કારણ બતાવીએ છીએ -' ૧૪મી ગાથા.

**एवमयं कर्मकृतैर्भावैरसमाहितोऽपि युक्त इव।**

**प्रतिभाति बालिशानां प्रतिभासः स खलु भवबीजम्।।१४।।**

સહિત તને ભાસે છે. નિમિત્ત એને એવું ભસાવે છે? ભાસ કરાવે છે? **'प्रतिभाति'** તને ભાસે છે એમ કહે છે. તને ભાસે છે કે કર્મના નિમિત્તના સંગે થયેલો મલિનભાવ તને તારા સ્વભાવ સાથે એક ભાસે છે એ તારી ભૂલ છે. એ મિથ્યાત્વભાવ છે, એ સંસારભાવ છે, એ રખડવાનો ભાવ છે. કહો, સમજાણું આમાં? **'प्रतिभाति बालिशानां'** કોને? **'बालिशानां प्रतिभासः स खलु भवबीजम्'** અજ્ઞાનીઓને એ અજ્ઞાનપણાને કારણે, કર્મને કારણે એમ ન કીધું ત્યાં. એવા વિકારીભાવ કર્મને જ કારણે થતાં હોય તો વિકારીભાવ પોતાના માનવા એ પણ કર્મને જ કારણે માને છે એમ થાય. સમજાણું કાંઈ? શું સમજાય છે કે નહિ?

આત્મા શુદ્ધ ચૈતન્યસ્વરૂપ (છે) એમાં વિકારીભાવ થાય એ કર્મને લઈને જ થતાં હોય તો તો વિકારીભાવને તું પોતે સ્વભાવ સાથે માને છો એ કહેવાનું રહેતું નથી. એ પણ કર્મને લઈને જ માને છે એમ થાય. કહો, નિમિત્ત ઉડી જાય છે આમાં ખરેખર તો. એમાં નિમિત્ત સ્થાપે છે. નિમિત્ત સ્થાપીને એનો ઉપાધિભાવ સ્થાપવો છે, એમ સ્થાપવું છે. ઉપાધિભાવમાં નિમિત્ત હોય છે, સ્વભાવભાવમાં નિમિત્ત નથી હોતું એ સિદ્ધ કરે છે. શું કીધું?

ભગવાન આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ સચ્ચિદાનંદ પ્રભુ (છે). છતાં કહે છે કે, એમાં ઉપાધિભાવ છે એ નિમિત્ત દ્વારા થયો, સ્વભાવ દ્વારા નહિ. એમ કરીને એ વિકારને ઉપાધિભાવ સ્થાપે છે. અને એ ઉપાધિભાવને સ્વભાવ સાથે એક છે તેમ અજ્ઞાનીઓને ભાસે છે એમ કહ્યું છે. કર્મને લઈને એક ભાસે છે એમ કહ્યું છે? સમજાણું કાંઈ આમાં? અર્થ જુઓ!

**''एवम्' એ રીતે 'अयं' આ આત્મા કર્મોના કરેલા...'** જુઓ! નિમિત્તથી થયેલા ઉપાધિભાવ. પહેલાં તો

જીવકૃત કીધું હતું. કહ્યું હતું કે નહિ? **'જીવકૃતં'** ૧૨મી ગાથાનો પહેલો શબ્દ, **'જીવકૃતં પરિણામં નિમિત્તમાત્રં પ્રપદ્ય'** આહા..! ગાથાના અર્થ કરવામાં પણ ઊંધાઈ. ઊંધો પડ્યો તો એને ઊંધું પાછું કાઢવું છે. કર્મોના કરેલાનો અર્થ શું કરવો છે? કે નિમિત્તના દ્વારા થયેલા તારા ઉપાધિભાવ એ વાસ્તવિક આત્માનું સ્વરૂપ નથી. સમજાણું કાંઈ? **'રાગાદિ અથવા શરીરાદિ ભાવોથી...'** જુઓ! બન્ને લીધા. .... છે ને શ્લોક? ... એ શ્લોક નાખશે, બન્ને નાખ્યા છે.

આ આત્મા કર્મોના નિમિત્તથી થયેલો આત્મામાં પુણ્ય-પાપ, કામ-ક્રોધ આદિના ઉપાધિભાવ (થાય) અને નિમિત્તથી થયેલું આ શરીરાદિ બાહ્ય વર્ણ, ગંધ, રસ, સ્પર્શનું પ્રાપ્ત થવું તે. બે (વાત કરી). આત્મા તો શુદ્ધ ચૈતન્યમૂર્તિ (છે). એના ત્રિકાળી શુદ્ધ સ્વભાવમાં એ વિકાર નથી. એ વિકાર ઉપર ઉપર એક ક્ષણમાં થયેલી ઉપાધિ, નિમિત્તને આધીન થયેલી, આશ્રયે થયેલી તારામાં ઉપાધિ છે. કરેલી એણે પણ નિમિત્તને આધીન કરેલી છે, સ્વભાવ આધીન થયેલી નથી. સમજાણું કાંઈ? એ નિમિત્તને આધીન થયેલી ઉપાધિ એકલા સ્વભાવ સાથે સમાહિત માને... જુઓ! **'સંયુક્ત ન હોવા છતાં...'** ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યસ્વરૂપ આનંદની મૂર્તિ આત્મા છે. અતીન્દ્રિય આનંદસ્વરૂપ એવા આત્માને એ ઉપાધિભાવવાળો સહિત સ્વીકારવો એ સંસાર ને મિથ્યાત્વ (છે), બીજ છે, રખડવાનું બીજ છે. સમજાણું કાંઈ?

તે પણ શું કહ્યું? **'સંયુક્ત ન હોવા છતાં...'** (સંયુક્ત) કોણ માને છે? **'અજ્ઞાની જીવોને સંયુક્ત જેવો પ્રતિભાસે છે...'** ત્યાં એમ કહ્યું નથી કે, ભાઈ! કર્મના નિમિત્તે તેને સંયુક્ત સહિત પ્રતિભાસે છે. દર્શનમોહના નિમિત્તે નિમિત્ત દ્વારા એને આત્માના સ્વભાવ સાથે ઉપાધિભાવ સહિત છે તેમ મિથ્યાત્વને, દર્શનમોહને લઈને ભાસે છે એમ નથી કહ્યું.

મુમુક્ષુ :–

ઉત્તર :– એ જ કહે છે સમજી લેવું જોઈએ કે, તારાથી થયેલો ઉપાધિભાવ, એમાં નિમિત્ત હતું. એ ઉપાધિભાવને સ્વભાવ સાથે માને છે એ પણ તું માને છો, કર્મ કાંઈ મનાવતું નથી. કર્મથી પેલો થયો નથી ને એને સહિત માને એ કર્મ મનાવતું નથી. સમજાણું કાંઈ? અટપટુ-અટપટુ (લાગે પણ) બહુ સરસ વાત લીધી છે.

**'અજ્ઞાની જીવોને સંયુક્ત જેવો પ્રતિભાસે છે...'** ભગવાન શુદ્ધ સ્ફટિક ચૈતન્ય જેવો એમાં કહે છે કે, આ ઉપાધિભાવ સ્વભાવને આધારે નહિ થયેલા નિમિત્તને લક્ષે થયેલો ઉપાધિ, થયેલો તારામાં **'પરિણમમાનસ્ય'**. એ વિકારના ભાવ નિમિત્ત આધીન થયેલા, સ્વભાવના આધીન નહિ (થયેલા) એથી ત્યાં નિમિત્ત આધીન છે એમ કહેવામાં આવ્યું છે. અને તે નિમિત્તને આધીન થયેલો મિથ્યાત્વ, રાગ-દ્વેષ આદિ ભાવ, ઉપાધિભાવ, ક્ષણિકભાવ, ઉપર તરતો ભાવ, ક્ષણિક સમય પૂરતો થયેલો ભાવ એને ત્રિકાળી શુદ્ધ ભગવાન આત્મા સાથે સહિત માનવું છે એ જ મિથ્યાત્વભાવ સંસારભાવ છે. સમજાણું કાંઈ? છે કે નહિ એમાં પણ? જુઓને! આ પુસ્તક તો સામે રહ્યું છે.

**'તે પ્રતિભાસ જ નિશ્ચયથી સંસારના બીજરૂપ છે.'** ભારે સિદ્ધાંત કીધો! સમજાય છે કાંઈ? ચૈતન્ય ભગવાન જ્ઞાનાનંદ ચૈતન્યજ્યોત એ તો શુદ્ધ આનંદની મૂર્તિ આત્મા છે. એમાં પરિણમતો એ આત્મા વિકારની ઉપાધિપણે જે રાગ, દ્વેષ, પુણ્ય, પાપપણે થાય તેમાં નિમિત્તના આધીનથી થયેલો ભાવ તે ઉપાધિ છે. કરેલો પોતે, નિમિત્ત પર છે. અહીં સ્વભાવ આધીન નથી માટે નિમિત્ત પર એમ સિદ્ધ કરવું છે. અને નિમિત્તને આધીન ક્ષણિક કૃત્રિમ ત્રિકાળ સ્વભાવમાં નહિ એવા ઉત્પન્ન થયેલા એવા વિકારી ભાવને સ્વભાવની સાથે સહિત છે, સંયુક્ત છે, જોડાયેલા છે, એક છે એવી માન્યતા તેને મિથ્યાત્વ કહે છે. એ મિથ્યાત્વ સંસારનું બીજ છે. કહો, સમજાય છે કે નહિ? કેટલી વાત સિદ્ધ કરે છે!

ભગવાન આત્મા તો શુદ્ધ ચૈતન્યની મૂર્તિ, પરમાનંદ સ્વરૂપ આત્મા એને આત્મા કહીએ. એવો

પરમાનંદ શુદ્ધ જ્ઞાયક સ્વરૂપ ચૈતન્ય, એની વર્તમાન દશામાં ઉપાધિના ભાવ મેલા રાગ જે પુણ્ય-પાપના (થાય છે) એ સ્વભાવમાં નથી, સ્વભાવને આશ્રયે થયેલા નથી, સ્વભાવનું લક્ષ કરીને બનેલા નથી. નિમિત્તને લક્ષે બનેલા ઉપાધિભાવ (છે) તેથી નિમિત્ત દ્વારા થયા એમ કહેવામાં આવ્યું. એવા જે વિકારી ભાવ પુણ્ય ને પાપ, કામ ને ક્રોધ વિકારી શુભાશુભભાવ એ ઉપાધિ છે, ક્ષણિક છે, નિમિત્ત આધીન થયેલા છે, સ્વભાવમાં નથી. એને જે કોઈ પોતાના શુદ્ધ સ્વરૂપમાં વિકારી કૃત્રિમ ને ત્રિકાળી સ્વભાવ સાથે સહિત માને તેનું નામ જ સંસારનું બીજ અને મિથ્યાત્વ છે. આહા..હા..! કહો.

આગંતુક ભાવ. ઘરમાં કો'કનો દાગીનો લઈ આવે ને પાંચ હજારનો... દાગીનાને શું કહે છે? ઝેવર. ઘરની પુંજીમાં ખતવે તો? આભૂષણ, ઘરની પુંજી, મૂડી મૂડી... મૂડી સાથે ખતવે કે આ પણ મારા, દસ હજાર મારા છે. એમ અહીંયાં કહે છે, આત્માની પુંજી તો શુદ્ધ ચૈતન્યમૂર્તિ આનંદની ખાણ છે. એમાં કર્મના નિમિત્તે આધીન થયેલી ઉપાધિ ક્ષણિક આગંતુક વિકારી ભાવ છે. જેમ મહેમાન આવ્યો હોય એ પાછો ચાલ્યો જવાનો, એ કાંઈ રહેવાનો નથી.

એમ એ વિકારી ભાવ, પુણ્ય-પાપના મલિન ભાવ એ નિમિત્તને આધીન થયેલા આગંતુક (ભાવ) સ્વભાવમાં નથી, પર્યાયમાં ઉત્પન્ન થયેલા એવા ભાવ છે. એવા વિકારી ભાવ કૃત્રિમ પુણ્ય-પાપના, કૃત્રિમ આગંતુક સ્વભાવની ખાણમાં નથી, પર્યાયમાં નિમિત્તને આધીન થયેલી ઉપાધિ છે. એ ઉપાધિભાવને ત્રિકાળ નિરૂપાધિ સ્વભાવ સાથે ખતવે કે આ પણ મારા છે એનું નામ આસ્રવ તત્ત્વ મારા સ્વભાવનો છે (એમ માને છે). પેલું અજીવ તત્ત્વ કહ્યું હતું, અજીવના આધીન થયેલું. એવી ઉપાધિનો મિથ્યાત્વ રાગ-દ્વેષ ભાવ એ શુદ્ધ ચૈતન્ય તત્ત્વ, જ્ઞાયક તત્ત્વ છે એની સાથે આસ્રવ તત્ત્વ સહિત છે એમ સ્વીકારે એ જ મિથ્યાત્વ ને સંસાર છે એમ કહે છે. ત્રણે તત્ત્વની ભિન્નતા કરી નાખી. આ જ્ઞાયક, આસ્રવ અને અજીવ. સમજાણું કાંઈ?

જીવ તત્ત્વ એટલે કે જ્ઞાયકસ્વરૂપ ભગવાન પૂર્ણ શુદ્ધ ચૈતન્ય. અજીવ પુદ્‌ગલ તત્ત્વ. એ લેવું છે ને અહીં? કર્મનો ઉદય છે એ અજીવ તત્ત્વ છે. જીવ પોતાના અંદર જ્ઞાન ને આનંદથી ભરેલો આત્મા ભગવાન પૂર્ણાનંદનો નાથ જ છે. પણ તે સ્વભાવના લક્ષને અનાદિથી છોડ્યું છે. એવી સ્વભાવ સ્થિતિ હોવા છતાં એ સ્વભાવનું લક્ષ છોડ્યું છે તેથી એનું લક્ષ અજીવની પર્યાય અજીવ ઉપર ગયું છે. જેના ઉપર ગયું એને અહીંયાં નિમિત્ત કહેવામાં આવ્યું છે. પણ ગયું છે પોતાને કારણે. સમજાણું કાંઈ?

પુણ્ય ને પાપ, કામ ને ક્રોધ વિકારી ભાવમાં પરના લક્ષે લક્ષ ગયું છે. એથી ઉત્પન્ન થયેલું (છે). હવે કહે છે અજીવ તો ભિન્ન છે એમ સિદ્ધ કર્યું, એનાથી ઉત્પન્ન પોતાની ઉપાધિ એને આધીન સિદ્ધ કર્યું. હવે એ આસ્રવ, એ અજીવ જે ચીજ છે એ તો આત્મામાં નથી, પેલું નિમિત્ત, પણ નિમિત્તને આધીન થયેલો ઉપાધિભાવ પણ ત્રિકાળ સ્વભાવમાં નથી. એવા ત્રિકાળ સ્વભાવમાં આસ્રવ સહિતવાળો આત્મા છે એમ માનવું એ જ મિથ્યાત્વ ને સંસારનું બીજડું છે એમ કહે છે. સમજાણું કાંઈ?

**'ભવબીજં'** અર્થાત્ રાગ-દ્વેષ ભાવ, પુણ્ય-પાપના ભાવ સ્વભાવમાં નથી. સ્વભાવ તો મોક્ષનું બીજડું છે. ભગવાન આત્મા ચૈતન્ય સ્વભાવ, શુદ્ધ સ્વભાવ એ તો પૂર્ણાનંદની દશા થાય તેનું એ આત્મા, બીજ છે. એવો આત્મા જ્ઞાયક સ્વભાવ શુદ્ધ કંદ જેમાંથી કેવળજ્ઞાન ને પરમ આનંદ પ્રગટે તેનું એ બીજડું છે. એવા આત્મ સ્વભાવમાં નિમિત્તથી ઉત્પન્ન થયેલા ઉપાધિભાવને મેળવવો (કે) 'આ સહિત છું' એનો અર્થ કે એમાં એકત્વબુદ્ધિ કરવી, વિકાર સાથે એકત્વબુદ્ધિ કરવી તે જ મિથ્યાત્વભાવ છે. સમજાણું કાંઈ? આહા..! કહો, સમજાય છે કે નહિ?

અત્યારે આમ ત્રણ તત્ત્વ (લે છે). એક જીવતત્ત્વ, જે શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ. એક પુદ્‌ગલતત્ત્વ. અત્યારે સંબંધમાં લેવો છે ને? એને લેવું છે ને? અજીવતત્ત્વ.

કારણ કે જીવના સ્વભાવને લક્ષે રાગ-દ્વેષ–ઉપાધિ થતી નથી. રાગ-દ્વેષના ભાવ તો નિમિત્તના લક્ષે થાય છે. એટલે અજીવતત્ત્વ સિદ્ધ કર્યું. હવે ઉપાધિ સિદ્ધ કરી તેને આધીન થયેલી તેનામાં, પોતામાં. હવે એ આસ્રવ તત્ત્વ જે ઉપાધીભાવ છે એને નિરૂપાધી સ્વભાવ સાથે એક માનવા તો જ્ઞાયક તત્ત્વને આસ્રવ તત્ત્વ સાથે એક માનવું, એ બે એક હોય શકે નહિ એને એક માનવું એનું નામ મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ? ભારે કથન પદ્ધતિ ગજબની છે! કેવી વાત કરી છે જુઓને! ૧૩ ને ૧૪ (ગાથા).

**'परिणममानस्य चितश्चिदात्मकैः स्वयमपि स्वकैर्भावैः'** આટલા તો શબ્દ મુક્યા છે. **'भवति हि निमित्तमात्रं'** ત્યાં **'भवति'** એક નિમિત્ત, પેલું અજીવ. નિમિત્તમાત્ર એક પુદ્‌ગલ છે. અજીવને સિદ્ધ કર્યું. એના વિકારને નિમિત્ત કોણ ચીજ છે એ સિદ્ધ કર્યું. હવે તો કહે છે, ભાઈ! એ નિમિત્તને આધીન થયેલો મેલો આગંતુક વિકારી ભાવ, જે ક્ષણિક અને મલિન અને નિમિત્ત આધીન થયેલો મેલ, એને નિર્મળાનંદ ભગવાન સાથે સંયુક્ત સહિત સ્વીકારી લેવો એનું નામ જ સંસારમાં રખડવાનું મિથ્યાત્વ બીજ છે. સમજાય છે કાંઈ? એનો અર્થ કે, એક તત્ત્વ સાથે બીજા તત્ત્વને એકત્વ માનવું એનું નામ મિથ્યાત્વ છે એમ કહ્યું, લ્યો! સમજાણું કાંઈ કે નહિ? જુઓ! આ ૧૪ મી ગાથા બહુ ઊંચી છે, હોં!.

**ટીકા :–** **'स एवं अयं कर्मकृतैर्भावैः असमाहितः अपि बालिशानां युक्तः इति प्रतिभाति'** સમજાણું? પછી એક ટુકડો રહ્યો એ પછી છેલ્લે કહેશે. એક ટુકડો રહ્યો ને? એક ટુકડો બાકી રહ્યો થોડોક. કોણ? **'स खलु स प्रतिभास भवबीजम्'** એ ટુકડો બાકી રહ્યો પછી કહેશે. એ છેલ્લે કહેશે. આટલા ટૂકડાનો પહેલો અર્થ કરે છે. પછી છેલ્લે કહેશે. **'खलु स प्रतिभास भवबीजम्'** એ પછી કહેશે, છેલ્લું કહેશે. **'खलु स प्रतिभास भवबीजम्'** આહા..! ભારે વાત. શું કહે છે? ભાઈ! સમજાય છે આમાં?

**'આવી રીતે આ આત્મા કર્મ વડે કરેલા...'** એટલે કે નિમિત્ત દ્વારા ઉપાધિભાવ થયેલો, સ્વભાવ વડે નહિ થયેલો, એમ. કર્મ વડે અજીવના આશ્રયે, લક્ષે, તાબે થઈને એના વડે કરેલો એમ કહેવામાં આવ્યું. કારણ કે સ્વભાવ વડે થયેલો નથી. પુણ્ય-પાપનો ભાવ, મેલો ભાવ, રાગ-દ્વેષનો ભાવ સ્વભાવ વડે થયેલો નથી. એથી કર્મ વડે કરેલો એમ કહેવામાં આવ્યું છે. **'નાના પ્રકારના ભાવથી...'** અનેક પ્રકારના ભાવથી. પુણ્ય-પાપ, દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધ વિકલ્પોની અસંખ્ય પ્રકારની ઝાળ. મિથ્યાત્વ આદિ બધા, હોં! એવા **'ભાવથી સંયુક્ત નથી...'** ભગવાન ચૈતન્ય શુદ્ધ આનંદકંદ એવા ઉપાધિભાવથી સહિત નથી. સ્વભાવમાં એ રહિત છે. આહાહા..! સમજાણું કાંઈ?

શુભ-અશુભભાવ કે પરમાં સુખ છે એવી મિથ્યા ભ્રાન્તિ... સમજાણું? કે પાપનો ભાવ એ બધો ઉપાધિભાવ (છે). એ ઉપાધિભાવ ત્રિકાળ ચૈતન્ય સ્વભાવમાં સહિત નથી. ત્રિકાળ શુદ્ધ સ્વભાવ વિકાર સહિત નથી. એવા ત્રિકાળ શુદ્ધ ભગવાન આત્મદ્રવ્યને વિકારભાવ સહિત નથી તેને સહિત માનવો આ સંસારમાં રખડવાનું મિથ્યાત્વ બીજ છે. કહો, આહા..હા..! સંપ્રદાયને બિચારાને સાંભળવા મળે નહિ. આ તો કરો, આ કરો, આ કરો... મિચ્છામિ દુક્કડમ્ ... આ જીવહિયા ઓ વવરોવિયા છે. જુઓ! શું જીવહિયા ઓ વવરોવિયા? કે જેણે ચૈતન્ય જ્ઞાયક અનંત ગુણ સંપન્ન ભાવપ્રાણ સ્વરૂપ પ્રભુ, એને આ પુણ્ય-પાપના, આ રાગ-દ્વેષના મિથ્યાત્વના ભાવ સહિત માનવો એનું નામ જીવિયા હો વોરવિયા છે. એણે આત્માના જીવનનો નાશ કર્યો અને મિથ્યાત્વભાવ ઉત્પન્ન કર્યો. નાશ કર્યો એટલે? પૂર્ણ જ્ઞાયક ચૈતન્ય શુદ્ધ સ્વરૂપનો આદર ન કર્યો એટલે એ છે જ નહિ અને આ વિકારી ભાવવાળો તે જ હું છું (એનું નામ નાશ કર્યો). સમજાણું કાંઈ?

**(શેષ આવતા અંકમાં)**



## શ્રી સ્વાનુભૂતિદર્શન, પ્રશ્ન ૧૨૭-૧૨૮ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈનું પ્રવચન, પ્રવચન નં. ૪૧૫ (તા.૧૪-૨-૧૯૯૭, બોરીવલી, મુંબઈ)

પ્રશ્ન :– **'ઉપયોગ અંદર વાળવા જઈએ તો વળતો નથી ને ઇન્દ્રિય મન બાજુ ખેંચાઈ જાય છે. તો, બહારની બાજુનો રસ તોડવો અને અંદરનો રસ ઉત્પન્ન કરવો– એમ બે કામ કરવાના છે ?'** એવો પ્રશ્ન કર્યો છે.

સમાધાન :– **'અંતરનો રસ લાગે તેને બહારનો રસ સહેજે છૂટી જાય, તેને બે પ્રયત્ન કરવા પડતા નથી.'** એક બાજુના પ્રયત્નમાં જે કાર્ય થાય ત્યારે બીજી બાજુનું કાર્ય આપોઆપ થઈ જાય છે. **'અંતરનો રસ લાગે,...'** સ્વરૂપનો. પોતાનું જે સ્વરૂપ છે એ અનંત સુખથી ભરપૂર છે. એનો વિશ્વાસ, એની ખાતરી થાય કે, છે મારામાં અનંત સુખ, તો એનો રસ લાગે.

જીવને રસ ક્યાં લાગે છે ? કે જ્યાં સુખનો નિશ્ચય થાય છે ત્યાં લાગે છે. સુખ દેખાય ત્યાં. સુખનો નિશ્ચય ક્યારે થાય ? કે સુખ દેખાય ત્યારે. સુખનું અનુમાન કરે ત્યાં સુધી એટલું સુખનું ખેંચાણ નથી થતું પણ ખરેખર સુખ લાગે ત્યારે પરિણામ ત્યાં રસથી ખેંચાય છે. રસપૂર્વક ખેંચાય છે. એવી એક વસ્તુસ્થિતિ છે.

એ પ્રકારે **'અંતરનો રસ લાગે તેને બહારનો રસ સહેજે છૂટી જાય,...'** એક બાજુ તીવ્ર રસ થાય એટલે બીજી બાજુ બધી બાજુના રસ ઊડી જાય. સુખ-સાધન પ્રાપ્ત થાય એટલા માટે માણસ પૈસા કમાય છે. પણ પછી પૈસા કમાવા પાછળ કોઈ લોકો એટલા લાગી જાય છે કે આવેલા સુખ-સાધન વાપરવાનો સમય નથી રહેતો. કેમ ? એકબાજુ જ્યાં તીવ્ર રસ થઈ ગયો (તો) બીજી બાજુનો રસ આપોઆપ જ ઘટી જાય છે, ઓછો થઈ જાય છે, સંસારમાં.

એવી રીતે આત્મામાં સુખ છે એનો રસ લાગે તો બહારના રસ સહેજે છૂટી જાય છે. બહારનો રસ તોડવાનો પણ પ્રયત્ન કરે, અંદરનો રસ (કેળવે) એમ બે પ્રયત્ન કરે એમ નહિ. એકબાજુ પ્રયત્ન કરે એટલે બીજી બાજુનું કામ થઈ જાય છે.

એજ લખ્યું છે **'એક તરફનું ખેંચાણ થાય ત્યાં બીજા તરફનો રસ સહેજે છૂટી જાય છે. જીવને પોતાના આત્મા તરફનો રસ જાગે, ત્યાં વિભાવ તરફનો રસ સહેજે છૂટી જાય છે.'** સ્વભાવનો રસ લાગે એટલે વિભાવનો રસ સહેજે છૂટી જાય છે.

**'પોતા તરફની રમણતા વધે,–ચૈતન્યમાં લીનતા વધે ત્યાં બહારનો રસ સહેજે તૂટી જ જાય છે.'** જ્ઞાનદશામાં થાય છે. એ વાત જ્ઞાનદશાની છે. **'પોતા તરફની રમણતા વધે...'** રમણતા વધે એટલે લીનતા વધે. લીનતા તો ક્યારે વધે ? જ્ઞાનદશા પ્રગટ થઈ હોય પછી લીનતા વધે. **'ત્યાં બહારનો રસ સહેજે તૂટી જ જાય છે.'**

**'જેમ કે સ્વરૂપાચરણ ચારિત્ર પ્રગટે ત્યાં અનંતાનુબંધીનો રસ તૂટી જ જાય છે.'** ચોથા ગુણસ્થાને શુદ્ધોપયોગ થયો ત્યારે સ્વરૂપમાં લીનતા થઈ તેને સ્વરૂપાચરણચારિત્ર કહેવામાં આવે છે. ચોથા ગુણસ્થાને બે બાજુની વાત આવે છે. એકબાજુની વાત એવી આવે છે કે એ તો અવિરત સમ્યગ્દૃષ્ટિ છે. એને ક્યાંય ત્યાગ હોતો નથી. પચ્ચખાણ હોતા નથી અને છતાં સમ્યગ્દર્શન છે એટલે મોક્ષમાર્ગ એમને છે. પણ સમ્યગ્દર્શન છે એટલું જ નથી અવિરતી હોવા છતાં પણ સ્વરૂપાચરણ-ચારિત્ર એને હોય છે. સ્વરૂપમાં આચરણ કરવું એટલે પરિણમવું. સ્વરૂપમાં એકાગ્ર થઈને પરિણમવું એવું

આચરણ ચોથા ગુણસ્થાને પ્રગટ થાય છે. જાતિ અપેક્ષાએ ચારિત્રની એક જ જાતિ છે. સ્વરૂપાચરણ-ચારિત્રની જાતિ છે. ચોથા ગુણસ્થાને પણ એ જાતિ છે, મુનિદશામાં છઠ્ઠા-સાતમાં ગુણસ્થાને પણ એ જ જાતિ છે અને બારમાં ગુણસ્થાને ચારિત્રગુણ પૂર્ણ શુદ્ધ થઈને પરિણમે યથાખ્યાત્ ચારિત્ર થાય ત્યારે પણ સ્વરૂપાચરણચારિત્રની જ જાતિ છે.

એક પરિણામને એની જાતિ, એની શક્તિ, એની ગતિ એવા ત્રણ પડખાં છે. આમ તો ચોથું પડખું એ છે કે એની વ્યાપક્તા કેટલી ? સ્વદેહપ્રમાણ. જેટલું આત્માનું ક્ષેત્ર હોય એટલું એટલે સત્તા એને કહે છે. સત્તા કેટલી ? કે સ્વદેહપ્રમાણ. જ્ઞાનમાં પણ એવું છે. બધા ગુણ સ્વદેહ પ્રમાણે સત્તામાં રહે છે. જ્ઞાનની, સમ્યક્જ્ઞાનની જાતિ ચોથા ગુણસ્થાને પ્રગટ થાય. એ જ જાતિ કેવળજ્ઞાનની છે. જાત નથી બદલતી. જ્ઞાનની જાત નથી બદલતી. ચારિત્રની જાત નથી બદલતી.

જ્યાં ચોથા ગુણસ્થાને સ્વરૂપાચરણચારિત્ર પ્રગટ્યું ત્યાં અનંતાનુબંધીનો રસ તૂટી જાય છે. અનંતાનુબંધીનો રસ તૂટી જાય છે. પછી જે ચાર (ચોકડી) છે– પ્રત્યાખ્યાનાવરણી, અપ્રત્યાખ્યાનાવરણીય, સંજ્વલન એ તારતમ્ય ભેદે છે. તારતમ્ય એટલે શું ? રસના તીવ્રતા-મંદતાના ભેદ છે. પણ અનંતાનુબંધી તો તૂટી જ ગયો.

**'અંદરથી સ્વાનુભૂતિ વધે ત્યાં દેશવિરતિપણું સહેજે આવી જાય છે.'** અને એ સ્વાનુભૂતિ અને લીનતા જ્યાં વધતી જાય, જેમ જેમ વધે તેમ તેમ દેશ એટલે અમુક અંશે, દેશ એટલે અમુક ભાગે વિરતિપણું એટલે છૂટી જવું, ત્યાગ થઈ જવો. વિકલ્પોનો પણ ત્યાગ થાય અને વિકલ્પ અનુસાર પ્રવૃત્તિનો પણ ત્યાગ થાય. કેમ કે પ્રવૃત્તિ તો વિકલ્પને અનુસરીને થાય છે. જ્યાં વિકલ્પ નથી ત્યાં પ્રવૃત્તિ પણ નથી. જેટલો બુદ્ધિપૂર્વકના વિકલ્પનો નાશ થયો એટલી ત્યાં વિરતિ થઈ, એટલા અંશે વિરતિ થઈ. એટલો બાહ્ય ત્યાગ એનો પાંચમા ગુણસ્થાને થાય છે અને એના અગિયાર ભેદ લીધા છે. અગિયાર પ્રતિમાના અગિયાર ભેદ લીધા છે. એટલો એટલો ત્યાગ વધતો જાય છે, જેટલી જેટલી સ્વરૂપસ્થિરતા વધતી જાય છે. સ્વરૂપસ્થિરતા વધે ત્યારે વીતરાગતા વધે. વીતરાગતા વધે ત્યારે રાગનો અભાવ થાય.

પ્રશ્ન :– વિકલ્પ એ રાગ છે ને ?

સમાધાન :– હા. એટલે રાગનો જ્યાં અભાવ થાય ત્યાં રાગપૂર્વકની જે ક્રિયા થતી હોય એનો પણ અભાવ થાય. જેમકે પાંચમા ગુણસ્થાને રાત્રિભોજન ત્યાગ એ નામની પ્રતિમા છે. પાંચમા ગુણસ્થાનનો એ ચારિત્રનો ભેદ છે. વિકલ્પ જ ન ઊઠે. પાંચમા ગુણસ્થાને એટલી સ્વરૂપસ્થિરતા થઈ હોય તો એ સાધકને વિકલ્પ ન ઊઠે. વિકલ્પ ન ઊઠે તો, વિકલ્પપૂર્વકની પ્રવૃત્તિ તો ક્યાંથી થાય ? કે ન થાય ?

**'અંદરથી સ્વાનુભૂતિ વધે ત્યાં દેશવિરતિપણું સહેજે આવી જાય છે. તેને પછી આટલા વિષય છોડવા કે આ કરવું એમ રોકાવું પડતું નથી.'**

મુમુક્ષુ :– કર્તાબુદ્ધિનો નાશ થઈ જાય છે.

પૂજ્ય ભાઈશ્રી :– કર્તાબુદ્ધિ તો ચોથા ગુણસ્થાને ગઈ. પણ આટલા વિષય છોડવા એમ કર્તૃત્વ નથી કરવું પડતું. કૃત્રિમતા નથી કરવી પડતી. વિકલ્પ જ ન ઉત્પન્ન થાય. જ્યાં વીતરાગતા વધે ત્યાં વિકલ્પ જ ઉત્પન્ન ન થાય, બસ !

**'જો બહારમાં ને બહારમાં રોકાય તો તેને રસ તૂટતો નથી.'** બહારમાં ને બહારમાં રોકાય એટલે બહારની અને બહારની પ્રવૃત્તિ ચાલુ રાખે તો રસ તૂટતો નથી. **'આ કષાય ઓછા કરવા કે આ કરવું એમ નથી, પણ પોતા તરફ વળે ત્યાં સહેજે રસ તૂટી જાય છે.'** અસ્તિનું કાર્ય થાય એટલે નાસ્તિનો અભાવ થઈ જાય છે. **'તે શુભભાવનામાં આવે ત્યારે મંદ કષાય થાય,...'** શુભભાવમાં આવે ત્યારે મંદ કષાય થાય. **'પણ કષાયનો અભાવ તો ભેદજ્ઞાનની ધારા પ્રગટ થાય અને ઉપયોગ પોતા તરફ જાય ત્યાં સહેજે થઈ જાય છે.'** શું તફાવત બતાવ્યો ? કે શુભભાવનો મંદ કષાય જુદી વાત છે અને સ્વરૂપમાં લીન થઈને વીતરાગતા વધે ત્યારે રાગનો અભાવ થાય એ જુદી વાત છે. રાગ મંદ થાય એક જુદી વાત છે, રાગનો અભાવ થાય એ બીજી એક

જુદી વાત છે. એમ બે વાત જુદી પાડવી છે.

ફરીથી. **'શુભભાવનામાં આવે ત્યારે મંદ કષાય થાય, પણ કષાયનો અભાવ તો ભેદજ્ઞાનની ધારા પ્રગટ થાય...'** ભેદજ્ઞાનપૂર્વક ઉપયોગ સ્વરૂપમાં લીન થાય ત્યારે સહેજે (કષાયનો અભાવ) થઈ જાય છે. એટલે મંદ કષાય જુદી વાત છે.

'સોગાનીજી' એ એક વાત લીધી છે કે કોઈ એવી કલ્પના કરે છે, કાર્યની પદ્ધતિ ન સમજે ત્યારે કલ્પનાથી, કે કષાય મંદ કરતાં કરતાં (અભાવ) કરી નાખશે. અને જ્ઞાન શાસ્ત્ર વાંચી વધારી વધારીને કેવળજ્ઞાન કરી નાખશે. બન્ને પદ્ધતિ ખોટી છે. એ રીતે જ્ઞાન વૃદ્ધિ પણ નહિ થાય અને એ રીતે રાગનો અભાવ પણ નહિ થાય. રાગનો અભાવ ભેદજ્ઞાનથી થાય છે, શુભભાવથી નહિ. શુભભાવ તો રાગની મંદતા છે પણ અભાવ નથી.

મુમુક્ષુ :- વિસ્તારથી લો.

પૂજ્ય ભાઈશ્રી :- જેમ કે શુભભાવથી લાભ માનનારા કે રાગનો અભાવ માનનારા શું કરે છે ? ઘણો શુભભાવ કરે છે. શું કરે છે ? તો ત્યાં રાગ વધે છે. શુભરાગ પણ ત્યાં વધે છે, રાગનો અભાવ નથી થતો. પણ ભેદજ્ઞાનમાં રાગથી ભિન્ન પડવાનો પુરુષાર્થ કરે ત્યારે રાગનો અભાવ થાય છે. શુદ્ધ ઉપયોગ પ્રગટ થઈને રાગનો અભાવ થાય છે. બે જુદી જુદી કાર્યપદ્ધતિ છે આખી. પણ જેને ભેદજ્ઞાનનો પ્રયોગ અંદરમાં કેમ કરવો એની સૂઝ નથી એને એમ થાય છે કે કષાય મંદ કરતો જાઉં... કષાય મંદ કરતો જાઉં... કષાય મંદ કરતો જાઉં... આ ધ્યાનમાં બેસીને પણ લોકો એ કરે છે. કષાય મંદ કરવાની વાત છે. ભેદજ્ઞાન જુદો વિષય છે. કષાય ગમે તેટલો મંદ થાય, અભાવ ન થાય. પણ ભેદજ્ઞાન કરે તો કષાયનો અભાવ થાય.

પ્રશ્ન :- ભાઈશ્રી ! જ્ઞાનદશા પછીનું ભેદજ્ઞાન અને એની પહેલાનું જે ભેદજ્ઞાન બંનેમાં તફાવત શું હોય છે ?

ઉત્તર :- તફાવત તો છે બંનેમાં. જ્ઞાનદશાનું જે ભેદજ્ઞાન છે એ સહજ છે. શુદ્ધ ઉપયોગ થઈને આત્મા છૂટો પડી ગયો છે. એટલે સહેજ ચાલ્યા કરે છે. સહજપણે, અતૂટકપણે, નિરંતર ધારાવાહી ચાલે છે. જ્ઞાનદશા થયા પહેલા ભેદજ્ઞાનનો પ્રયત્ન છે. હજી ભેદજ્ઞાન એવું થયું નથી. જ્ઞાનદશામાં થાય એવું થયું નથી. એનો પ્રયત્ન છે. એટલે પ્રયત્ન કરતાં કરતાં આગળ વધે છે. એને ભેદજ્ઞાન કહે છે પણ ખરેખર એ ભેદજ્ઞાનનો પ્રયત્ન છે. એને ભેદજ્ઞાન થયું નથી, ભેદજ્ઞાનનો પ્રયત્ન છે. અને એ પ્રયત્નમાં શિથિલપણું હોય, એ પ્રયત્નમાં શિથિલપણું હોય તો ક્યારેક થાય અને ક્યારેક ન થાય. ક્યારેક કામ થાય અને ક્યારેક પ્રયત્ન ચાલે અને ક્યારેક ક્યારેક પ્રયત્ન ન ચાલે. ઉગ્રપણું હોય તો એ પ્રયત્ન સતત પણ ચાલે. અને સતત પ્રયત્ન ચાલે પછી શુદ્ધોપયોગ થાય. શુદ્ધોપયોગ થાય પછી સહજ ભેદજ્ઞાનની ધારા નિરંતર ચાલુ રહે. ત્યાં સુધી ન થાય.

પ્રશ્ન :- આ સતત પ્રયત્નમાં જે કહ્યું છે. અદ્ધરથી ધૂન ચાલે એ સતત પ્રયત્નમાં આવે ત્યારે જ અદ્ધરથી ચાલે ?

ઉત્તર :- એ શુદ્ધોપયોગ થવા પહેલા છેલ્લી મિનિટોમાં અદ્ધરથી જ ધૂન ચાલે. એ 'ગુરુદેવે' 'પરમાગમસાર'ના ૩૦૪ વચનામૃતમાં એ વાત લીધી છે. ૩૦૪. અદ્ધરથી ધૂન ચાલે. છેલ્લે છેલ્લે શુદ્ધોપયોગ થયા પહેલા કેવો પ્રયત્ન હોય છે એ વિષય ચાલી રહ્યો છે.

પ્રશ્ન :- અદ્ધરથી એટલે ?

ઉત્તર :- અદ્ધરથી એટલે વિકલ્પના આલંબન વિના, નિમિત્તના આલંબન વિના. એને અદ્ધરથી કહે છે. આની પાછળ જે વાત છે એ ખરેખર એટલા માટે લીધી છે કે આગળ-પાછળ પણ વાત કરી છે કે કેવી રીતે અદ્ધરથી થાય.

**'આ વસ્તુ પ્રયોગમાં લાવવા માટે અંદર મૂળમાંથી પુરુષાર્થનો ઉપાડ આવવો જોઈએ.'** એવા ભાવે **'કે હું આવો મહાન પદાર્થ !'** જેને પોતાના સ્વરૂપનું ભાવભાસન થયું છે-ઓળખાણ થઈ છે, નમૂના ઉપરથી, Sample ઉપરથી આખી ચીજ જ્ઞાનમાં આવી ગઈ. જ્ઞાનલક્ષણ

ઉપરથી બેહદ જ્ઞાનસ્વભાવ જ્ઞાનમાં આવી ગયો. એને પોતાની જેટલી મહાનતા છે એટલી મહાનતા ભાસે છે. ભાસે છે એટલે ફ્રીલ થવા માંડે છે. એનો પ્રયોગ ચાલે છે. અને એ પ્રયોગમાં મૂળમાંથી અંદરથી પુરુષાર્થ ઉપડીને પ્રયોગ ચાલે છે.

**'એમ નિરાવલંબનપણે...'** નિરાવલંબનપણે એટલે એ વખતે સૂક્ષ્મ વિકલ્પો આત્માના સ્વરૂપ સંબંધીના ચાલતા હોય તો તેનું પણ અવંલબન નથી-તેનો પણ આધાર નથી. આવા વિકલ્પ હોય તો હું આગળ વધુ એમ નથી. વિકલ્પ થવા છતાં વિકલ્પ ઉપર દૃષ્ટિ નથી. ત્યાં નજર નથી કે કેવા વિકલ્પ થાય છે.

મુમુક્ષુ :- એટલે આ સમયે વિકલ્પ હોય છે એ પણ સ્વરૂપ સંબંધી Positive આમ તો.

પૂજ્ય ભાઈશ્રી :- હા, છતાં પણ તેના ઉપર નજર નથી. એની દૃષ્ટિ તો જે સ્વરૂપ ભાસ્યુ છે એના ઉપર છે. એટલે નિરાવલંબનપણે કોઈના આધાર વિના એટલે ચાલતા વિકલ્પના આધાર વિના, શાસ્ત્રના આધાર વિના, આ શાસ્ત્ર વાંચુ તો મને અનુભવ થાય એમ પણ નહિ, આ વિકલ્પ કરું તો મને અનુભવ થાય એમ પણ નહિ, કોઈના આધાર વિના એને અદ્ધરથી કહે છે. એને અદ્ધરથી કીધું.

**'અદ્ધરથી વિચારની ધૂન ચાલતા...'** એ પરિણામની ધૂનમાં ચડી ગયો. છેલ્લે છેલ્લે સ્વાનુભવ પહેલા સ્વરૂપની ધૂન એના પરિણામમાં હોય છે. એક જ ધૂન. **'અદ્ધરથી વિચારની ધૂન ચાલતા ચાલતાં એવો રસ આવે...'** કોનો ? આત્માના સ્વરૂપનો, આત્માના સ્વભાવનો. એવો રસ આવે, **'એવો રસ આવે કે બહારમાં આવવું ગોઠે નહિ.'** ત્યાંથી છૂટવું જ ગમે નહિ.

પ્રશ્ન :- ધૂન જે છે એ મનમાં કે બુદ્ધિમાં ક્યાં ચાલે છે ?

સમાધાન :- મનમાં ચાલે છે. બુદ્ધિનો તો બહુ વિષય નથી આમાં. ચાલે છે મનમાં. પણ મન ઉપર દૃષ્ટિ નથી. વિકલ્પ ચાલે છે, વિકલ્પ ઉપર દૃષ્ટિ નથી. ધૂન છે એ ધૂન છે અને ધૂનનો વિષય પોતાનું સ્વરૂપ છે, પરમાત્મ સ્વરૂપ છે.

પ્રશ્ન :- મન છે ?

સમાધાન :- હા. મન તો સ્વાનુભવ વખતે જાય. એ પહેલા મન ન જાય. ત્યાં સુધી મનનું અવલંબન છે અને મનનું અવલંબન છે ત્યાં સુધી સ્વાનુભવ નથી. સ્વાનુભૂતિ તો સ્વરૂપના અવલંબને પ્રગટ થાય ત્યારે મનનું અવલંબન છૂટી જાય, એમ. પણ છતાં અહીંયાં અદ્ધરથી ધૂન લીધી એનો અર્થ શું છે ? કે ધૂનનો વિષય પોતાનું સ્વરૂપ છે, પરમાત્મસ્વરૂપ છે એટલે અદ્ધરથી ધૂન લીધી.

**'બહારમાં આવવું ગોઠે નહિ. હજુ છે તો વિકલ્પ,...'** શું કહે છે ? અહીં સુધી **'હજુ છે તો વિકલ્પ, પણ એમ જ લાગે કે આ...હું... આ...હું...'** જોર, જોર એના ઉપર છે. **'એમ ઘોલનનું જોર ચાલતાં ચાલતાં...'** રસથી ઘૂંટાય. સ્વરૂપરસ ઘૂંટાય જોર જોરથી. એ **'ચાલતાં ચાલતાં એ વિકલ્પો પણ છૂટીને અંદરમાં ઊતરી જાય છે.'** એ છૂટી જાય અને પરિણામ છે એ પ્રદેશે... પ્રદેશે પ્રસરી જાય. **'નિર્વિકલ્પ થયા પહેલાની આવી દશા હોય છે'** એ જ્યારે વિકલ્પો છૂટીને અંદરમાં ઉતરી જાય ત્યારે એને શુદ્ધોપયોગ થતા સમ્યગ્જ્ઞાન પ્રગટ્યું. એ જ વખતે સમ્યગ્દર્શન પ્રગટ્યું એ જ વખતે સ્વરૂપની લીનતારૂપ સ્વરૂપાચરણચારિત્ર પ્રગટ્યું. એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રાણી મોક્ષમાર્ગ ત્યાં પ્રગટ થઈ ગયો. પછી આગળ ચાલશે.

આ શરૂઆત થઈ. એટલે શરૂઆત થતા પહેલા, શરૂઆત થતા પહેલા, શુદ્ધોપયોગ થતા પહેલા આવા ધૂનવાળા પરિણામો હોય છે. ઘોલનના, સ્વરૂપરસના ઘોલનના પરિણામ અને સ્વરૂપની ધૂન ચડી હોય એવા પરિણામ હોય છે. કેમ ધૂન ચડી ? કોઈ એમ પૂછે કે એને કેમ ધૂન ચડી ? તો કહે છે, સ્વરૂપ એવું છે કે ધૂન ચડી જ જાય. સ્વરૂપ વસ્તુ એવી છે (કે) ધૂન ચડ્યા વિના રહે નહિ. લક્ષમાં આવે, ભાવભાસનમાં આવે તો એની ધૂન ચડ્યા વિના રહે નહિ એવી વસ્તુ છે.

મુમુક્ષુ :- અનંતકાળનું દુઃખ જાય.

પૂજ્ય ભાઈશ્રી :- પણ જે સુખ કેવળજ્ઞાનમાં પ્રગટે એના કરતા અનંતગુણનો દરિયો અંદર ભર્યો છે. સુખનો દરિયો અંદર ભર્યો છે. એટલે ધૂન ચડે...ચડે... ને ચડે જ.

મુમુક્ષુ :– વારંવારના પ્રયાસથી આ જે અધ્ધરથી ધૂન ચાલતી હોય તો ઘણી વખત એવું લાગે કે કિનારે આવતા આવતા વળી કોઈ વિકલ્પ આવી જાય તો એ ધૂન અટકી જાય. એટલે એને ખ્યાલ આવે કે કિનારે આવતા આવતા અટકાયું.

પૂજ્ય ભાઈશ્રી :– એમાં શું છે કે નિર્વિકલ્પ થતા પહેલા જે ધૂન ચડે છે એમાં વચ્ચે તૂટકપણું નથી થતું. એ તો ધૂન ચડી એટલે ચડી પછી કાંઈ ખબર ન રહે. ધૂનમાં જ ચાલે. મોટાભાગે, બહુભાગ મનુષ્ય તો ધ્યાનમાં હોય છે. કોઈ કોઈ જીવો પણ તિર્યંચ કે જેને ધ્યાન ન હોય તો એ ધ્યાનમાં જ ચાલતા હોય, એ ધૂનમાં જ ચાલતા હોય છે. ખાય તો પણ ધૂનમાં, ચાલે તો પણ ધૂનમાં. ધૂનની બહાર જ ન નીકળે. 'ગુરુદેવે' એક પદ બનાવ્યું હતુ પોતે, 'ધૂન રે ધૂનિયા અપની ધૂન.' 'ધૂન રે ધૂનિયા અપની ધૂન, જામે નાહિ પાપ ઔર પુણ્ય' એમાં પુણ્ય-પાપ કાંઈ નથી ધૂનમાં. એવી ધૂન, ધૂન. એવી ધૂને ચડી જા.

પછી નીચે લખે છે કે **'આ આત્માને પરમાત્મા થવાની વાત...'** છે. કોને ? આત્માને પરમાત્મા થવાની આ વાત **'અબજો રૂપિયા આપે તો પણ સાંભળવા મળે તેવી નથી.'** સાંભળવા માટે, હોં ! અબજો રૂપિયા મળે એ પુણ્ય જુદી જાતના. અને આ વાત સાંભળવા મળે એ પુણ્ય જુદી જાતના, એમ કહે છે. એટલે રૂપિયાથી જોખાય એવું નથી. લોકો પુણ્યને રૂપિયાથી જોખે છે ને ? કે ભાઈ ! આને બહુ પુણ્ય છે, આને ઘણા રૂપિયા મળી ગયા. બહુ પુણ્ય છે. તો કહે છે, નહિ. આ વાત એવી છે કે અબજોના અબજો રૂપિયાથી પણ એની તુલના થાય એવું નથી.

**'આ પરમાત્માની વાત પૈસાની ચીજ જ નથી. આનું પૈસાથી મૂલ્યાંકન થઈ શકે નહિ.'** કે બહારની કોઈ ચીજથી મૂલ્યાંકન થઈ શકે નહિ એવી આ ચીજ છે. 'ગુરુદેવે' ૩૦૫માં એટલી વાત કરી છે.

અભિપ્રાયની એક બહુ સરસ વાત કરી છે કે **'માથાનો કાપનાર, કંઠનો (ગળાનો) છેદનાર. જેટલું પોતાનું અહિત નથી કરતો તેટલું અહિત પોતાનો ઊંધો અભિપ્રાય કરે છે.'** આ અભિપ્રાય ઉપર 'ગુરુદેવે' વાત કરી છે. ઉંધો અભિપ્રાય કેટલું નુકસાન કરે ?

મુમુક્ષુ :– છે ને આપણે અભિપ્રાયનું છે ને ?

પૂજ્ય ભાઈશ્રી :– 'ગુરુદેવ' કેટલું કહી ગયા છે !

**'જગતને પોતાના ઊંધા અભિપ્રાયની ભયાનકતા ભાસતી નથી.'** એ ૩૦૬માં છે.

મુમુક્ષુ :– કૃપાળુદેવે કહ્યું છે ને સાતમી તમતમા નરકની વેદના મંજુર છે જગતની મોહિની સમ્મત નથી.

પૂજ્ય ભાઈશ્રી :– એ અભિપ્રાયની ભયાનકતા ભાસે છે. શું કહ્યું ?

**'ભેદજ્ઞાનની ધારા પ્રગટ થાય અને ઉપયોગ પોતા તરફ જાય ત્યાં સહેજે થઈ જાય છે.'** અનુભવ તો સહેજે થઈ જાય છે. **'તેને બે પ્રયત્ન કરવા પડતા નથી. એક પ્રયત્નમાં બીજો સમાઈ જાય છે. જ્યાં બહારથી રસ તૂટે ત્યાં અંતરનો રસ વધી જાય ને અંતરનો રસ વધે ત્યાં બહારથી રસ તૂટી જ જાય. જુદા-જુદા બે પ્રયત્ન કરવા પડતા નથી.'** એકબાજુનો પ્રયત્ન કરે એટલે બીજી બાજુનું કામ આપોઆપ થાય છે. એ ૧૨૭ મો થયો.

મુમુક્ષુ :– એના પછી સરસ છે.

પૂજ્ય ભાઈશ્રી :– એમાં જ્ઞાન અને શ્રદ્ધાનો પ્રશ્ન પૂછ્યો છે.

**'આત્માના-અનુભવ નહિ થવામાં દૃષ્ટિનો દોષ છે કે જ્ઞાનનો દોષ છે ?'** એટલે શ્રદ્ધાનો દોષ છે કે જ્ઞાનનો દોષ છે ? એક દોષ હોય અને એક ન હોય એવું તો કાંઈ બને નહિ. દોષ તો બન્ને સાથે જ રહે છે. ગુણ પણ સાથે પ્રગટે છે, દોષ પણ સાથે જ રહે છે. પણ ભિન્નતા અનુસાર જુદી જુદી વાત જ્ઞાનીઓએ કરી છે.

**'આત્માનો અનુભવ નથી થતો તેમાં દૃષ્ટિ અને જ્ઞાન–બંનેનો દોષ છે.'** પહેલા એ વાત સ્થાપી દીધી. કે એમાં શ્રદ્ધા પણ ભૂલી છે અને જ્ઞાન પણ ભૂલ્યું છે. માટે આત્માનો સાક્ષાત્કાર થતો નથી. અનુભવ થવો એટલે પોતાના પરમાત્મસ્વરૂપનો સાક્ષાત્કાર થવો એને અહીંયાં સ્વાનુભૂતિ કહી છે. અને એની મુખ્યતાથી આ ગ્રંથમાં ચર્ચા ચાલી છે. એટલે 'સ્વાનુભૂતીદર્શન' નામ પાડ્યું છે.

**‘આત્માનો અનુભવ નથી થતો તેમાં દૃષ્ટિ અને જ્ઞાન-બંનેનો દોષ છે. દૃષ્ટિનો મુખ્ય દોષ છે.’** કેમ કે આખેઆખી ઊલટી પરિણમે છે માટે. દૃષ્ટિ પૂરેપૂરી ઊંધી થાય છે એટલે એનો સૌથી વધારે દોષ છે. શ્રદ્ધાનો દોષ મોટો છે, એમ કહે છે. **‘દૃષ્ટિનું જોર થાય તો જ્ઞાનનું જોર થાય.’** એ જ્ઞાનદશામાં. સવળી દૃષ્ટિ પરિણમે ત્યારે એ પૂરેપૂરી સવળી પરિણમતી હોવાથી અનંત શક્તિથી એનું જોર હોય છે એટલે બીજા ગુણોનું પણ જોર વધે છે, જ્ઞાનનું જોર પણ વધે છે.

પ્રશ્ન :– ભાઈશ્રી ! જ્ઞાનદશા પહેલા અને ભાવભાસન પછી કયા પ્રકારનું જ્ઞાન અને દૃષ્ટિનો કયા પ્રકારનો દોષ રહી જાય છે ?

સમાધાન :– ભાવભાસન પછી પણ દૃષ્ટિ તો મિથ્યાત્વ છે. જ્ઞાન મિથ્યા નથી પણ છતાં જ્ઞાનને સમ્યક્જ્ઞાન નથી કહેવાતું. જ્ઞાનમાં તો યથાર્થ વસ્તુસ્વરૂપ ભાસ્યું છે એટલે ઉપશમ થવાને યોગ્ય થઈ ગયું છે. એટલે અલ્પકાળમાં મિથ્યાત્વ ઉપશમ થઈ જશે અને ઉપશમ સમ્યગ્દર્શન પ્રગટ થઈ જશે.

મુમુક્ષુ :– આ અલ્પ સમય જે નક્કી છે અલ્પ સમયનું Minimum-Maximum કેટલો ગાળો હોય છે ? Minimum તો સમયમાત્રનો હોય છે.

પૂજ્ય ભાઈશ્રી :– Maximum કાળ છ મહિના. ભાવભાસન પછીનું Maximum કાળ અતિ મંદ પુરુષાર્થ હોય તો છ મહિના. આમ તો મંદ પુરુષાર્થવાળાને મહિનો-બે મહિના, ત્રણ મહિના લાગે. છ મહિના તો Maximum કાળ છે.

મુમુક્ષુ :– અતિ મંદ પુરુષાર્થમાં ચારિત્રમોહ કાંઈ કામ કરતો હોય ?

પૂજ્ય ભાઈશ્રી :– પુરુષાર્થ છે, અહીંયાં તબક્કો પુરુષાર્થનો છે માટે પુરુષાર્થને લેવો. કેમ કે ચારિત્રમોહ મંદ તો મિથ્યાદૃષ્ટિ દ્રવ્યલિંગી થઈને ઘણો કરે છે. એટલે અહીંયાં ભાવભાસનને લઈને દર્શનમોહ જે પાતળો પડ્યો છે છતાં પણ પુરુષાર્થ જે ઉપડવો જોઈએ એટલો નથી ઉપડતો.

મુમુક્ષુ :– એ સમયે જીવને એવા કયા ભાવ હોય છે કે એનું...

પૂજ્ય ભાઈશ્રી :– એટલે શું છે કે ઉદયભાવોની અંદર વધારે જતો હોય. જે પુરુષાર્થથી આત્માને પ્રત્યક્ષ કરી કરીને પુરુષાર્થની ઉગ્રતા આવવી જોઈએ, એ પ્રકાર જેટલો વધારે કરવો જોઈએ એટલો વધારે નથી થતો. કંઈક પ્રમાણમાં ઓછો થાય છે માટે સમય જાય છે. માટે મિથ્યાત્વ મંદ થઈ ગયું છે.. જ્ઞાન યથાર્થ થઈ ગયું છે પણ પુરુષાર્થની અંદર તીવ્રતા-મંદતા જુદા જુદા જીવોને, જુદી જુદી હોય છે. બધા જીવોને એકસરખી તીવ્રતા નથી હોતી કે મંદતા નથી હોતી. ભિન્ન-ભિન્ન જીવોને ભિન્ન-ભિન્ન પ્રકાર તીવ્રતા-મંદતાના હોય છે. ‘સોગાનીજી’ને એક દિવસ લાગ્યો. તીવ્ર. તીવ્ર પુરુષાર્થમાં હતા.

મુમુક્ષુ :– પુરુષાર્થનો તો પોતે પિંડ છે.

પૂજ્ય ભાઈશ્રી :– અનંત પુરુષાર્થનો પિંડ છે. પણ પ્રગટ પુરુષાર્થ થાય એટલું કામ થાય. તમારી પાસે મીઠાઈના ભંડાર ભર્યા છે પણ પેટમાં નાખો એટલી ભૂખ ભાંગે. એક બટકુ ખાવ તો એટલી ભૂખ ભાંગે. બે બટકા ખાવ તો એટલી ભૂખ ભાંગે. ભંડાર ભરેલો શું કામનો ? મિષ્ટાનના ભંડાર ભર્યા હોય પણ ખાય નહિ તો ભૂખ્યો રહે. એમ પુરુષાર્થ ન થાય તો કામ ન થાય. આત્મામાં અંદર શક્તિરૂપે અનંત પુરુષાર્થ છે પણ કામ તો વ્યક્તિમાં થાય છે. શક્તિ વપરાય નહિ તો શક્તિ બેકાર રહે છે. શું કામની શક્તિ ? શક્તિનો સદુપયોગ થવો જોઈએ.

મુમુક્ષુ :– તો અહીંયાં એવું થાય કે પર્યાયમાં વેદન આવે અને વેદનમાં મીઠાસ આવીને દૃષ્ટિનું જોર ઘટી જાય એના કારણે.

પૂજ્ય ભાઈશ્રી :– ભાવભાસન પહેલા એટલું વેદન આવતું નથી.

મુમુક્ષુ :– પર્યાયમાં વેદન તો હોય જ છે...

પૂજ્ય ભાઈશ્રી :– પણ એટલું નથી હોતું. પણ ખાસ કરીને જે પ્રત્યક્ષ કરી કરીને પુરુષાર્થને તીવ્ર કરવો જોઈએ એવો પ્રકાર ઓછો છે.

મુમુક્ષુ :– એટલે પ્રત્યક્ષ કરી કરીને એમાં શું

ભાવ ભરેલો છે ?

પૂજ્ય ભાઈશ્રી :– એમાં શું છે કે વસ્તુ અનંત પ્રત્યક્ષ છે એને વારંવાર Visualise કરે તો પુરુષાર્થ ઉછળે.

મુમુક્ષુ :– Visualise એટલે ?

પૂજ્ય ભાઈશ્રી :– Visualise કરવું એટલે જેમ તમે કોઈ પ્રસંગને જોતા હોય એવી રીતે. તમે વાત કરો કે મારે આની સાથે આવી વાત થઈ. ત્યારે એવી વાત થઈ ત્યારે તમે એ પ્રસંગને જાણે નજરમાં જોતા હોય એવી રીતે વાત કરતા હોય. જોવું. Vision એટલે જોવું. ટેલીવીઝન નથી કહેતા ? એને Visulisation કહે છે. જોવે, જોતો હોય એવી રીતે. એમ આત્માનો વિચાર કરે નહિ. આત્માને નિદિધ્યાસનમાં લે. એનો શાસ્ત્રીય શબ્દ નિદિધ્યાસન છે અને અંગ્રેજીમાં એને Visulisation કહે છે. Visualise કરે. જોવે... જોવે... પ્રત્યક્ષ જોવે કે મારો આત્મા આવો છે, તો પુરુષાર્થ ઊપડે.

મુમુક્ષુ :– પ્રત્યક્ષ જોયું ન હોય એને Visualise કરીને પ્રત્યક્ષ જોવાનું હોય. પ્રત્યક્ષ અનુભવમાં એણે જોયું તો હોય નહિ પ્રત્યક્ષ ક્યારેય.

પૂજ્ય ભાઈશ્રી :– અનુભવમાં નહિ પણ ભાવભાસનમાં તો જોયું હોય.

મુમુક્ષુ :– ભાવભાસનમાં લે તો એને વેદનથી એને અસ્તિત્ત્વનો ખ્યાલ આવે છે..

પૂજ્ય ભાઈશ્રી :– હા, વેદનથી એણે જોયું. અસ્તિત્વનો ખ્યાલ આવ્યો એટલે એને વિચાર આવ્યો એમ નથી. પ્રત્યક્ષ અંશે અનંત પ્રત્યક્ષને Visulise કરી લીધું છે. એને વારંવાર Visulise કરે. ભાવભાસનમાં આવેલા પોતાના પરમાત્મસ્વરૂપને વારંવાર Visulise કરે. જેટલું વારંવાર કરે એટલી વાર પુરુષાર્થ જોર કરીને અંદરથી બહાર આવે. પુરુષાર્થ શક્તિમાંથી વ્યક્તિ થાય. એ એનો એક જ ઉપાય છે. એક જ રીત છે, બીજી રીત નથી એની બીજી વિધિ નથી. એ જેટલું વધારે થાય એટલો અનુભવ વહેલો. જેટલું એમાં ઓછું થાય એટલો અનુભવ મોડો થાય. પણ શિથિલ પુરુષાર્થ હોય તો પણ દોઢ-બે મહિનામાં થઈ જાય. છ મહિના તો બહુ Maximum limit બાંધી છે.

પ્રશ્ન :– 'કૃપાળુદેવે' જે કહ્યું, અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતસુખ અને અનંતવીર્યથી અભેદ એવા આત્માનો એક પળ પણ વિચાર કરવો. એમાં એમનો શું અભિપ્રાય છે ?

સમાધાન :– એટલે એમાં શું છે કે પોતાના સ્વરૂપને સંભાળવું. એક ક્ષણ માટે પણ સંભાળી લેવું જરાક. જીવ વિસ્મૃત કરી જાય છે. જીવ પોતાના સ્વરૂપનું વિસ્મરણ કરી જાય છે, ભુલી જ જાય છે કે હું આવો છું. તો કહે છે, એક ક્ષણ પણ એને સ્મરણ તો કર, એની સંભાળ તો કર. તો તને રસ ઉત્પન્ન થશે, તો એ રસ લંબાશે એમ કહેવું છે.

(અહીંયા કહે છે), **'દૃષ્ટિનું જોર થાય તો જ્ઞાનનું જોર થાય.'** મોક્ષમાર્ગની અંદર શ્રદ્ધાનું જોર થાય તો બીજા ગુણો પણ વિકાસ પામે છે. એમાં જ્ઞાન પણ છે. **'દૃષ્ટિ સમ્યક્ થાય તો જ્ઞાન પણ સમ્યક્ થાય છે.'** અને અનંતા ગુણો પણ સમ્યક્ થાય છે. **'દૃષ્ટિ અને જ્ઞાન બંનેમાં વિપરીતતા છે,...'** મિથ્યાત્વની દશામાં, સંસારદશામાં દૃષ્ટિ અને જ્ઞાન બંનેમાં વિપરીતતા છે. પણ છતાં દૃષ્ટિની મુખ્યતા છે. કેમ કે અનંતશક્તિથી એ ઊંધી પરિણમે છે. સવળી થાય તો પણ અનંત શક્તિ, અવળી થાય તો પણ અનંતશક્તિ. **'દૃષ્ટિ ફરે તો જ્ઞાન ફરી જ જાય છે.'**

મુમુક્ષુ :– ત્યાં અભિપ્રાય આવ્યો ને ? પહેલા અભિપ્રાય પલટવો જોઈએ ને ?

પૂજ્ય ભાઈશ્રી :– પછી, એટલું કીધા પછી પહેલી ભૂમિકાની વાત કરે છે. આ ઉપરની ભૂમિકાની વાત કરી.

**'પહેલી ભૂમિકામાં સાચું જ્ઞાન, સાચા વિચાર આદિ બધું આવે છે;...'** એટલે પહેલી ભૂમિકામાં જ્ઞાનની પ્રધાનતા છે. જ્ઞાન સાધન છે. જ્ઞાન પ્રધાન-સાધન છે. કેમ કે દૃષ્ટિ ઉંધી પડી છે સાધન ક્યાંથી બનાવે ? **'પહેલી ભૂમિકામાં સાચું જ્ઞાન, સાચા વિચાર આદિ બધું આવે છે; પણ મોક્ષમાર્ગમાં પહેલી મુખ્ય દૃષ્ટિ છે.'** મોક્ષમાર્ગની અંદર તો દૃષ્ટિની પ્રધાનતા છે. દૃષ્ટિના બળે સાધક

આગળ વધે છે. જ્ઞાન ઓછું હોય એનો વાંધો નહિ. **'દૃષ્ટિની સાથે જ્ઞાન હોય છે.'** દૃષ્ટિની સાથે જ્ઞાન જોડાઈ જાય છે. **'દૃષ્ટિ સમ્યક્ થાય ત્યાં જ્ઞાન સમ્યક્ થઈ જાય છે.'** એ તો અનંતા ગુણો સમ્યક્ થાય છે. અભેદ પદાર્થ હોવાથી જ્યાં દૃષ્ટિ સમ્યક્ થઈ, શ્રદ્ધા સમ્યક્ થઈ સર્વગુણાંશ તે સમ્યક્ત્વ–બધા ગુણો સમ્યક્ થાય છે. **'ગુરુદેવે એટલું સ્પષ્ટ કર્યું છે કે કાંઈ ભૂલ ન થાય.'** આટલી બધી વાત કર્યા પછી એ બધો ટોપલો 'ગુરુદેવ'ના ખાતે ખતવે છે. આ બધી જેટલી વાત કરી એ બધી રકમ 'ગુરુદેવ'ની છે. અમે તો એમના વતી વાત કરીએ છીએ.

મુમુક્ષુ :– 'કૃપાળુદેવે' 'મૂળમાર્ગ...' માં જુદી રીતે લીધું. 'હવે જ્ઞાન-દર્શનાદિ શબ્દનો રે, સંક્ષેપે સુણો પરમાર્થ, તેને જોતાં વિચારી વિશેષથી રે, સમજાશે ઉત્તમ આત્માર્થ. છે દેહાદિથી ભિન્ન આતમા રે, ઉપયોગી સદા અવિનાશ, એમ જાણે સદ્ગુરુ ઉપદેશથી રે, કહ્યું જ્ઞાન તેનું નામ ખાસ. જે જ્ઞાને કરીને જાણિયું રે, તેની વર્તે છે શુદ્ધ પ્રતીત, કહ્યું ભગવંતે દર્શન તેહને રે, જેનું બીજું નામ સમકિત.' (મૂળમાર્ગ સાંભળો, કાવ્ય ૫૬–૫-૬-૭)

પૂજ્ય ભાઈશ્રી :– પહેલા શું કહ્યું કે જ્ઞાને કરીને જાણ્યું. એટલે જ્ઞાનપૂર્વક શ્રદ્ધાન છે. પહેલી ભૂમિકામાં સાચું જ્ઞાન, સાચા વિચાર આદિ આવે છે.

મુમુક્ષુ :– આ તો જ્ઞાનને થોડું હળવું કરી નાખ્યું અને શ્રદ્ધાને મુખ્ય કરી માટે મારે આ કહેવું પડ્યું.

પૂજ્ય ભાઈશ્રી :– ક્યારેક જ્ઞાનને મુખ્ય કરાય છે, મુમુક્ષુની ભૂમિકામાં જ્ઞાનને મુખ્ય કરાય છે.

મુમુક્ષુ :– સદ્ગુરુનો ઉપદેશ, સમકિતી ધર્માત્માનો ઉપદેશ..

પૂજ્ય ભાઈશ્રી :– હા, પણ એ જ્ઞાનમાં આવે ને ? ઉપદેશ તો જ્ઞાનથી સમજાય ને ? એટલે ત્યાં જ્ઞાનની પ્રધાનતા છે. અને મોક્ષમાર્ગમાં શ્રદ્ધા અનંત શક્તિથી પરિણમી માટે ત્યાં શ્રદ્ધાની પ્રધાનતા છે. એમ બે વાત જુદી જુદી છે. બે ભૂમિકાની જુદી જુદી વાત છે.

એટલે શું છે કે જ્યારે કોઈપણ જ્ઞાની હોય કે મુમુક્ષુ હોય એ આવી વાત કરે ત્યારે એને પોતાના ગુરુનું સ્મરણ આવ્યા વિના રહેતું નથી અને ગુરુનો ઉપકાર એને દેખાયા વગર રહેતો નથી. કેમ કે એ પહેલાની પોતાની દશાનો એને ખ્યાલ છે કે હું ક્યાં ક્યાં કેવી-કેવી થાપ ખાતો, ભૂલ ખાતો હતો, કેવી રીતે આથડતો હતો, રખડતો હતો અને મારો પત્તો ખાતો નહોતો. આ ગુરુએ સમજાવ્યા પછી ગાડી પાટે ચડી. એટલે બીજાને સમજાવે ત્યારે એને પોતાના ગુરુનું સ્મરણ થાય. પોતાના ગુરુના ઉપકારનું સ્મરણ થાય કે આ તો એમણે સમજાવ્યું.

**'જે કોઈ અટકે તે પોતાની ભૂલથી અટકે છે.'** સમજાવનાર સમજાવે છે, અટકે છે એ પોતાની ભૂલથી અટકે છે. કહે કાંઈક અને સમજે કાંઈક. પછી ભૂલ થાય જ ને. એક બહુ રમુજી દૃષ્ટાંત 'ગુરુદેવ' આપતા. કોઈએ એમ કહ્યું કે ફાનસ સળગાવો. તો નાખ્યું ભડકામાં. ફાનસ સળગાવો કહ્યું, નાખ્યુ ભડકા માહિ.

મુમુક્ષુ :– સાસુએ વહુને કીધું..

પૂજ્ય ભાઈશ્રી :– સાસુએ વહુને કીધું કે ફાનસ સળગાવો બાપા ! સાંજ પડી ગઈ છે. તો ચુલાનો ભડકો હતો એમાં નાખ્યું. કેમ ? કે તમે, બા એ કીધું કે સામે સળગાવો તો મેં સળગાવવા માટે નાખ્યું ભડકામાં. અરે..! એમ નહિ એની વાટ સળગાવાની વાત છે. વાટ સળગાવો એમ કહેવાને બદલે ફાનસ સળગાવો એમ કહ્યું હતું. ફાનસ સળગાવો એટલે ફાનસમાં જે વાટ છે એને સળગાવાની હતી. તો આખુ ફાનસ ભડકામાં નાખ્યું. એમ ફાનસ સળગાવો એમાં કહેવા માગે છે કાંઈક, સમજે છે કાંઈક. એના જેવું થાય. તો ભૂલ થાય. પોતાની ભૂલે ભૂલે. વાત તો વાતની રીતે થાય. વ્યવહારથી પણ થાય અને નિશ્ચયથી પણ થાય. સમજવું એની જવાબદારી પોતાની છે. સાચું સમજવું, યથાર્થ સમજવું એની જવાબદારી પોતાની છે.

સમજાવનાર તો ઘણું સમજાવે પણ એ ન સમજે પોતે એ રીતે પોતાની રીત ન મૂકે તો શું થાય ? ઊલટી રીત મૂકે નહિ તો શું થાય ? નહિતર કેટલી

હદે સમજાવવામાં આવે છે ? કે આ વાત તારા આત્માની છે. તારા આત્માને લક્ષમાં રાખીને, મુખ્ય રાખીને તારા આત્મામાં લાગુ કરીને આ વાતને સમજ. શું કહે છે ? વાતને તારા આત્મામાં લાગુ કરીને સમજ. હવે એના બદલે એમને એમ સમજે તો એકના બદલે બીજું જ સમજાય ને ? પરલક્ષે સમજે તો શું સમજે ? બીજું સમજે. કહે એ ન સમજે અને બીજું સમજે.

એટલે અહીંયાં પહેલી શર્ત આ છે. Subject to condition, સમજવા બેઠો છે એને પણ પહેલી શર્ત છે કે આ શર્તે તારે સમજવાનું છે. સ્વલક્ષે સમજ. તું તને પોતાને લક્ષમાં રાખીને સમજ. બીજી રીતે સમજ્યો એટલે કોઈને લક્ષમાં રાખીને પરલક્ષે સમજ્યો તે દિ' તારું ચૂકાઈ જશે. અથવા તને આ વાત બીજી રીતે સમજાઈ જશે. સાચી રીતે નહિ સમજાય. એટલે શર્ત કરી છે એમણે. એ પ્રકારની પરલક્ષે સમજવાની ઊલટી રીત છે એ છોડી દેવી જોઈએ. તો જ એનું સમજણનું ફળ યથાર્થ આવે.

એ દૃષ્ટિ-જ્ઞાનની પણ ચર્ચા ચાલી છે. ભૂલ એટલા માટે થાય છે કે શાસ્ત્રકારોએ ક્યાંક દૃષ્ટિની પ્રધાનતાથી વાતો કરી છે, ક્યાંક જ્ઞાનની પ્રધાનતાથી વાતો કરી છે. મુમુક્ષુની ભૂમિકામાં પ્રધાન સાધન જ્ઞાન છે. દૃષ્ટિ મિથ્યા છે પણ એ મંદ થતી જાય. જો જ્ઞાન યથાર્થ સાચું થાય, સમજણ સાચી થાય, જ્ઞાનનો વિવેક સાચો આવે, ઊલટો અભિપ્રાય પલટીને જ્ઞાનનો સાચો થઈ જાય તો મિથ્યાત્વ મંદ થાય. અને મોક્ષમાર્ગ શરૂ થાય ત્યારે શ્રદ્ધા અનંત શક્તિથી પરિણમતી હોવાથી અને જ્ઞાન અને બીજા ગુણો અધૂરી શક્તિથી પરિણમતા હોવાથી (ત્યાં) દૃષ્ટિની પ્રધાનતા છે. એટલે ત્યાં સાધન દૃષ્ટિ તરીકે કહીને એની મુખ્યતાથી પણ વાતો કરી છે. એ મોક્ષમાર્ગની રહી. મુમુક્ષુમાં જ્ઞાનની પ્રધાનતા છે. એમ પરિસ્થિતિ બદલાય છે એમ સમજમાં લેવું. નહિતર એકની જગ્યાએ બીજું સમજાઈ જશે. એમ ન થવું જોઈએ.

ઘણા એવું કરી લે છે. દૃષ્ટિ પ્રધાનતાથી કરેલી વાતો જોરદાર હોય છે. કેવી ? કેમ કે દૃષ્ટિ તો કેવળજ્ઞાનને વિષય નહિ કરે. અને દૃષ્ટિને વાચા આપે તો એમ કહે કે મારે કેવળજ્ઞાન નથી જોઈતું. મારે મોક્ષ નથી જોઈતો. કેમ ? દૃષ્ટિ એને વિષય જ કરતી નથી, એટલે ક્યાંથી માગે ? એને જોતી જ નથી. તો એવી જોરદાર વાતો આવે અને વાતનો રસ ચડે ઘણાને. શેનો ? વાતનો. દૃષ્ટિનો રસ નહિ. વાતનો રસ ચડી જાય તો વાત તો શબ્દ છે, પુદ્ગલાત્મક છે. પુદ્ગલનો રસ ચડે, જડનો. વાણી તો જડ છે ને ? એના રસમાં ચડી જાય. અને મુમુક્ષુની ભૂમિકામાં જ્ઞાનની, વિવેકની પ્રધાનતા છે એ છૂટી જાય. ગડબડ થઈ જાય. એમ ન થવું જોઈએ.

મુમુક્ષુ :- ગડબડ એટલે કેટલી મોટી ગડબડ !

પૂજ્ય ભાઈશ્રી :- હા, થાય જ છે ને. નિશ્ચયભાસી થઈ જાય. કેવો થઈ જાય ? નિશ્ચયાભાસી થઈ જાય. ગુરુને કહે કે તું પરદ્રવ્ય છો. ભગવાનને કહે કે તું પરદ્રવ્ય છો. હું તો મારા આત્માને નમન કરીશ, તને પગે નહિ લાગુ. એવું બધું બોલવા માંડે. એને ઉન્મત્ત પ્રલાપતા કહે છે. એને ઉન્મત્ત પ્રલાપતા કહે છે. જેમ કોઈ માણસ પાગલ થાય અને જેમ-તેમ બોલે એમ આ માણસ પણ નિશ્ચયાભાસી જેમ-તેમ બોલતો થઈ જાય. એટલે એવી રીતે વાત નથી લેવી. વિવેકથી, વિચારથી આત્માના સદ્ગુણો કેમ પ્રગટ થાય, એનું આ વિજ્ઞાન છે, એનું Science છે, એનું ગણિત છે, એનું Logic છે.

મુમુક્ષુ :- એટલા માટે સતત પ્રયત્ન કહ્યો છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. અહીં સુધી રાખીએ.

## દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ પત્રાંક-૧૮ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈનું પ્રવચન તા. ૨૭-૦૭-૧૯૯૧

**''આત્માર્થી .... ધર્મસ્નેહ !''**

**''પત્ર એક આજ દિન આપને કિસીકે માર્ફત ભિજવાયા થા....''** સોનગઢથી કોઈ મુમુક્ષુ કલકત્તા જનાર હશે તો એની મારફત પત્ર મોકલાવ્યો હશે, **''... સો મિલા હૈ, પહલે ભી અજમેરમેં મિલા થા. કઈ કારણોંસે જવાબ લિખનેકી વૃત્તિ રુક ગઈ, વ અબ ભી પત્રાદિક લિખનેકો મન નહીં કરતા હૈ.''** (અર્થાત્) કેટલાક કારણોને લઈને અત્યારે પણ પત્ર લખવાનું મન નથી થતું. **''હમારી તરફકે આપકો વિકલ્પ હોતે હૈં; પરંતુ વિકલ્પોંમેં તો જાગૃતિ સદા હેય હોની ચાહિયે,...''** પ્રાસંગિક (લખ્યું) છે. પત્ર લખનારને વિકલ્પ આવે છે. (એટલે એમ કહે છે કે) તમને મારી તરફનો વિકલ્પ આવે છે માટે તમે પત્ર લખો છો; તમારા વિકલ્પને અને તમારા પત્રને જોતાં એમ લાગે છે કે તમારી એ કાર્યમાં સાવધાની છે – જાગૃતિ છે. જેટલી જાગૃતિ અને સાવધાની તમને તમારા પ્રત્યે હોવી જોઈએ એ નથી અને મારા પ્રત્યે તમારી સાવધાની છે, પણ **''...વિકલ્પોંમેં તો જાગૃતિ સદા હેય હોની ચાહિયે,...''** (અર્થાત્) સ્વરૂપમાં જાગૃતિ હોવી જોઈએ જેથી વિકલ્પ હેય થઈ જાય. એમ ઉલટું-સુલટું આવે.

મુમુક્ષુ :- એવા વિકલ્પ પણ હેય થઈ જાય ?

પૂજ્ય ભાઈશ્રી :- હા, પોતાના સ્વરૂપની જાગૃતિ એવી હોવી જોઈએ કે વિકલ્પનું સ્થાન હેયની જગ્યાએ આવે, હેયતાને પામે.

મુમુક્ષુ :- જેમ કૃપાળુદેવની પત્ર લખવાની વૃત્તિ રોકાઈ ગઈ હતી એવી જ દશા એમની પત્રમાં આવી!

પૂજ્ય ભાઈશ્રી :- હા, (એવી જ દશા) થઈ ગઈ છે. પર તરફનું ખેંચાણ એટલું ઘટવું જોઈએ, કે પ્રવૃત્તિ કરતાં બોજો લાગે, ઉત્સાહ આવવાને બદલે બોજો લાગે. સાવધાની હોય તો ઉત્સાહ આવે, નહિતર બોજો લાગે.

(આગળ લખે છે), **''ચાહે વહ સાક્ષાત્ તીર્થંકરકે**



**પ્રતિ હી ક્યોં ન હોવે.''** (અત્યારે) વિકલ્પ તો તમે મારા પ્રત્યે કરો છો, પણ સાક્ષાત્ તીર્થંકર પ્રત્યેનો વિકલ્પ કેમ ન હોય ? વિકલ્પમાં જાગૃતિ હોવી ન જોઈએ. **''નિજદ્રવ્યમેં અસ્તિત્વકા નિરંતર શ્રદ્ધાન વ સહજ અનુભવ રહનેસે, સહજ હી વિકલ્પ ટૂટને લગ જાતે હૈં વ સહજ નિર્વિકલ્પ સ્વાદ આને લગતા હૈ, જિસકે આસ્વાદન કિયે બાદ વિકલ્પોંકા રસ સહજ હી ઠંડા પડને લગ જાતા હૈ.''** કેવી રીતે વિકલ્પોનો રસ ઠંડો પડે અથવા કેવી રીતે વિકલ્પ તરફની જાગૃતિ ઘટે, એની વાત કરી છે. અહીંથી તત્ત્વજ્ઞાન લીધું છે કે, **''નિજદ્રવ્યમેં અસ્તિત્વકા નિરંતર શ્રદ્ધાન...''** (અર્થાત્) પોતાના સ્વરૂપ અસ્તિત્ત્વનું નિરંતર શ્રદ્ધાન – શ્રદ્ધાનો વિષય અસ્તિત્વ ગ્રહણ છે. **''...વ સહજ અનુભવ રહનેસે,...''** (એટલે કે) અવિનાભાવીપણે અનુભવ સાથે રહે છે. શ્રદ્ધાની સાથે સહજ અનુભવ રહે છે. **''...વ સહજ અનુભવ રહનેસે,...''** (એટલે કે) એ બે પ્રકારે પરિણામ રહેવાથી, **''...સહજ હી વિકલ્પ ટૂટને લગ જાતે હૈં,...''** (અર્થાત્) ચારિત્રગુણની પર્યાયમાં જે વિકલ્પ છે એની તૂટવાની સ્થિતિ આવે છે. **''...વ સહજ નિર્વિકલ્પ સ્વાદ આને લગતા હૈ, જિસકે આસ્વાદન કિયે બાદ વિકલ્પોંકા રસ સહજ હી ઠંડા પડને લગ જાતા હૈ.''** અને જ્યાં પોતાના નિર્વિકલ્પ સ્વરૂપનો સ્વાદ આવ્યો, અનુભવ આવ્યો એટલે એનાથી વિરૂદ્ધ એવો જે વિકલ્પ એનો રસ તો સહેજે ઠંડો પડવા લાગે છે. એમાં પછી રસ આવતો નથી. **''...વિકલ્પોંકા રસ સહજ હી ઠંડા પડને લગ જાતા હૈ.''** રસ ઠંડો પડે એટલે વિકલ્પો આપોઆપ પાતળા પડીને ઘટવા લાગે છે. જ્ઞાની કેમ પ્રવૃત્તિમાંથી નિવૃત્તિમાં આવે છે,

એની અંદરની Line થી વિચારવામાં આવે તો આ પરિસ્થિતિ છે. જ્ઞાની પણ નિવૃત્તિ લ્યે છે ને ! અને બીજા જીવો પણ નિવૃત્તિ લ્યે છે. કેમકે જ્ઞાની નિવૃત્તિ લ્યે છે તો આપણે પણ લેવી જોઈએ. (પરંતુ) એમ નથી. એને (જ્ઞાનીને) નિવૃત્તિ આવવાનું કારણ એ છે કે એને વિકલ્પોનો રસ ઠંડો પડી ગયો છે. એટલે પ્રવૃત્તિમાં એમને રસ આવતો નથી. એટલે પ્રવૃત્તિના જે વિકલ્પો છે એ એને દુઃખદાયી ભાસે છે તો એને છોડવાનું વલણ રહે છે. વલણનો પ્રકાર છે એ છોડવાનો રહે છે. અને પછી સહેજે એવો યોગ આવે તો છૂટી જાય છે. બહારમાં એવો જ યોગ આવે છે. (પોતે) કર્તા-હર્તા નથી થતાં, પણ એવો જ કોઈ પુણ્યયોગ, ભાવના અનુસાર કુદરત બંધાયેલી હોવાથી નિવૃત્તિ યોગ આવે છે. અને જ્યારે નિવૃત્તિ યોગ આવે છે ત્યારે દેશચારિત્ર અથવા સર્વ (સકલ) ચારિત્રને અંગીકાર કરે છે. નિવૃત્તિ લેવી સારી છે પણ સદ્‌ઉપયોગ કરવામાં આવે તો ! જો જીવ પ્રવૃત્તિથી નિવૃત્ત થઈને તેનો સદ્‌ઉપયોગ ન કરે તો કદાચ સાંસારિક પ્રવૃત્તિમાં નુકસાન કર્યું હોય તેનાથી પણ વધારે નુકસાન કરી બેસે ખરો ! નિવૃત્તિવાળાએ ખાસ કરીને આ એક (વાત) પણ જોખમ અને જવાબદારી લાલબત્તી મુકીને વિચારવા જેવી છે. જે જે મુમુક્ષુઓએ પોતાની પ્રવૃત્તિ છોડીને નિવૃત્તિ લીધી હોય તેણે આ ખાસ વિચારવું ઘટે છે કે, જો આમાં આપણને આપણાં સ્વરૂપ લાભ પ્રત્યે પરિણામની ગતિ નહીં ચાલુ થાય તો ક્યાંક બીજી એવી રીતે ફસાવાનું અને નુકસાન થવાનું અનિવાર્ય બનશે. એટલે આત્મહિતના લક્ષે નિવૃત્તિ લેવામાં આવે તો મુમુક્ષુતામાં પણ ઉપકારી છે. અને જ્ઞાનીને તો નિર્વિકલ્પરસના આસ્વાદનને લીધે વિકલ્પ રસ સુહાતો નથી એટલે એ સહેજે નિવૃત્તિમાં આવે છે.

**''હમારા તો મન નિજ ચૈતન્યબિંબકે અલાવા અબ કહીં નહીં જાના ચાહતા.''** એટલે શું છે કે, શરૂઆતમાં જે સોનગઢ છોડીને પોતે આવ્યા પછી જે સોનગઢ પ્રત્યેના વિકલ્પો રહેતાં હતાં તે ઘટી ગયા. સપ્ટેમ્બરનો આ પત્ર છે, ૯ સપ્ટેમ્બર, ૧૯૫૫ ના પત્ર ઉપરથી એમ લાગે છે કે, હવે એમને સોનગઢ આવવાનો વિકલ્પ જોર નથી કરતો. હવે, પોતે એમ જોયું કે, પરિસ્થિતિ કોઈ કુદરતની એવી છે કે, કાંઈ (સોનગઢ) જવાનો યોગ બેસે એવું દેખાતું નથી. આર્થિક પરિસ્થિતિ કોઈ એવી છે, કુટુંબની પરિસ્થિતિ કોઈ એવી છે કે, કુટુંબ બહુ મોટું હતું - ચાર દિકરા, ચાર દિકરી – આઠ (અને પોતે બે માણસ એમ) પરિવાર (મોટો હતો) અને આર્થિક સ્થિતિ નબળી હતી. એટલે જોયું કે, આમાં કોઈ બીજો ખર્ચ કરવો એ પોસાય એવું લાગતું નથી. એટલે એ પોતે અંતર સાધનામાં એટલા બધાં જોરથી આવ્યા છે કે, પરિણતિ ઘણી જામ થઈ ગઈ હતી. પરિણતિ જુઓ તો અંદરથી બહુમાનનો ઉછાળો આવે, ઉછળી જવાય !! એવી પરિણતિ જામ થઈ ગયેલી હતી. એ અહીંથી દેખાય છે – આ પત્રથી (દેખાય છે) કે, વિકલ્પોનો રસ સ્વરૂપના આસ્વાદન આગળ ઠંડો પડતો જાય છે, સ્વરૂપ શ્રદ્ધાન અને સ્વરૂપ અનુભવથી વિકલ્પ તૂટતા જાય છે. સ્વરૂપનો સહજ નિર્વિકલ્પ આસ્વાદ છે એ વિકલ્પોના રસને સહેજે સહેજે ઠંડો પાડતો જાય છે. **''હમારા તો મન નિજ ચૈતન્યબિંબકે અલાવા અબ કહીં નહીં જાના ચાહતા.''** હવે તો અહીંયા જામી જાઓ ! હવે ક્યાંય જાવું નથી. **''હમારા તો મન નિજ ચૈતન્યબિંબકે અલાવા અબ કહીં નહીં જાના ચાહતા.''** હવે પોતે આ પરિસ્થિતિમાં આવ્યા છે, કેમકે બહારની પરિસ્થિતિનો ખ્યાલ આવી ગયો. પછી કોઈ કર્તા-હર્તા થવામાં એને જોર તો આવે નહિ. કર્તા-હર્તા થાવું હોય એને જોર આવે, જેને સંયોગોના કર્તા-હર્તા થાવું ન હોય એને તો જોર આવે નહિ, કેમકે કુદરતી ઉદયનું જ્ઞાન કરી લ્યે છે કે આ પ્રકારનો ઉદય વર્તે છે કે આમાં આટલી શક્યતા છે, આટલી અશક્યતા છે, અશક્યને શક્ય કરવું એ મારું કામ નથી તો હું અંદર ન ઊતરી જાઉં ! ત્યાં - બહારમાં જોર કરું એના કરતાં હું અંદર ન ઊતરી જાઉં ! બસ ! સીધી સાદી વાત છે. એ જોરને અંદરમાં લઈ જવામાં ઉપયોગ ન કરું ! એમ (કહે છે). એટલે એમ કહે છે કે, 'અબ'. 'અબ' શબ્દ વાપર્યો છે. ('અબ' એટલે) હવે. હવે અમારું મન નિજ

ચૈતન્યબિંબ સિવાય બીજે ક્યાંય જવાં ચાહતુ નથી. હવે તો મનમાં એમ થાય છે કે, આ નિજ ચૈતન્યબિંબમાં ઠરીને ઢીમ થઈ જાઉં. જ્યારે ઠરીએ છીએ, ઠરી શકાય છે અને સારી રીતે ઠરી શકાય છે તો શા માટે હવે અંદર ન રહી જઈએ ? આ એક ગુરુદેવના સત્સંગનો વિયોગ હોવાં છતાં અને વ્યવહારે પણ કુટુંબ-પરિવાર અને વ્યાપારનો સંયોગ હોવાં છતાં, બાહ્ય પ્રતિકૂળતા બન્ને રીતે ઘણી હોવાં છતાં, અંદરમાં એને અનુકૂળતા બનાવી નાખી. એ જ પ્રતિકૂળતાને એમણે અંદરમાં અનુકૂળતા બનાવી નાખી ! (આમ એમણે) ઘણું કામ કર્યું છે !! આ વર્ષોમાં (એટલે કે) ૧૯૫૫ થી ૧૯૫૯ સુધીમાં ઘણું કામ કર્યું છે !!

પહેલેથી જ એમણે એમ લખ્યું છે કે, તમારો એક પત્ર અજમેર મળ્યો હતો, અત્યારે પણ કોઈ સોનગઢ થઈને કલકત્તા આવ્યું છે તેની (મારફત) મળ્યો છે, પણ અહીં કેટલાક કારણોથી જવાબ લખવાની વૃત્તિ જ રોકાઈ ગઈ છે. એ કારણ એ છે કે, એમણે પોતાની (અંદરમાં) જે જમાવટ કરી છે એ (વાત) નથી ખોલતાં. પણ કંઈક કારણોને લઈને મારી પત્ર લખવાની વૃત્તિ રોકાઈ ગઈ છે (એમ લખે છે). શ્રીમદ્જી લખે છે ને, પત્ર લખેલો પડ્યો રહે છે ! પહોંચ લખવાનો પણ વિચાર આવતો નથી, મન નથી થાતું, શું (લખે છે) ? એ અંદર પરિણતિ એવી ચાલે છે કે, પ્રવૃત્તિનો બોજો એટલો લાગે ! થોડી પણ પ્રવૃત્તિનો બોજો એટલો લાગે. કોઈ તર્ક કરે કે, એ દુકાને જઈને તો બેસતાં હતાં ! (તો એનો જવાબ એ છે કે), એ જે દુકાને જવું પડતું હતું અને એની સામે નિર્જરા કેટલી કરતાં હતાં ! એ એક ગહન વિષય છે !! સાધારણ જીવો સમજી ન શકે એટલો ગહન વિષય છે !! કેવી રીતે ઉદયને વેદતાં હતાં !! જ્ઞાનીપુરુષ ઉદયને વેદે એટલે શું ? જો આ વાત સમજાય તો જ્ઞાનીપણું સમજાય અને જ્ઞાનીપણું સમજાય તો બીજી વખત એને જ્ઞાનીપણું સમજવું ન પડે. એક વખત જ્ઞાનીપણું સમજાય તો એને બીજી વખત જ્ઞાનીપણું સમજવું ન પડે. પછી એને આત્મા જ સમજાય !! એવો એ વિષય છે.

એટલે (અહીંયા) લખે છે કે, પત્ર લખવાની વૃત્તિ રોકાઈ ગઈ છે. અને હજી પણ પત્ર લખવાનું મન થતું નથી. પત્ર (ભલે) લખું છું પણ મન નથી થતું. ચૌદ મહિને તમને કાગળ લખું છું (પણ) હવે મન નથી થતું. કેમકે સ્વરૂપ શ્રદ્ધાન, અનુભવ અને આ રસાસ્વાદ ચાલે છે (એટલે) હવે તો આ નિજ ચૈતન્યબિંબને છોડીને આ સિવાય બીજે ક્યાંય અમારું મન જવાં ચાહતું નથી. અંદરમાં ઢીમ થઈ જઈએ (એમ જ થાય છે).

મુમુક્ષુ :- જ્ઞાનીઓનો આવો ઉગ્ર પુરુષાર્થ પણ નમન કરવા યોગ્ય છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, વિશેષે કરીને નમન કરવા યોગ્ય છે. જ્ઞાનીનો પુરુષાર્થ તો જેને પુરુષાર્થ પ્રગટાવવો હોય એને તો એ નમન કરવા યોગ્ય છે, આદર કરવા યોગ્ય છે, વિનય કરવા યોગ્ય છે. જ્ઞાની બીજા જ્ઞાનીને કેમ વંદન કરે છે ? એનો પુરુષાર્થ જોઈને વંદન કરે છે ! ગુરુદેવે કેમ વંદન કર્યા ? (નહિતર સોગાનીજી) તો એમના શિષ્ય હતાં. ભક્તિ કરે છે પત્રમાં તો, નથી ખબર એમને ? એમણે કાંઈ પત્રો નથી વાંચ્યા ? પત્રો વાંચ્યા પછી એમ કેમ કહ્યું ? એમનો પુરુષાર્થ જોયો છે, બીજુ કાંઈ નથી. પુરુષાર્થ જોઈને તો જ્ઞાની વંદન કરે છે ! (તો) મુમુક્ષુ (વંદન) કરે એમાં શું ?

**''હમારા તો મન નિજ ચૈતન્યબિંબકે અલાવા અબ કહીં નહીં જાના ચાહતા. લૌકિક દષ્ટિસે હમારા એક-ડેઢ વર્ષસે અધિકકા સમય તીવ્ર અસાતાકી દશાઓંમેં રહા,...''** એટલે શું છે કે, બહારમાં પ્રતિકૂળતા વધી તો અંદરમાં પુરુષાર્થ વધાર્યો છે. આ એક સહજ પરિસ્થિતિ હોય છે. બહારમાં પ્રતિકૂળતાનો ઉદય વધે એટલે અંદરમાં પુરુષાર્થ જોર કરીને બહાર આવે ! **''અતઃ ઇસ કારણસે ભી પત્રાદિકકી વૃત્તિ ઓછી રહી.''** એટલે એક કારણ એ પણ એની અંદર ભળતું છે કે (જે કારણે) એમની પત્ર લખવાની વૃત્તિ સહેજે આવતી નથી. કેમકે એ વખતે પુરુષાર્થથી ઝઝૂમવામાં બધાં પરિણામો જે (સ્વરૂપમાં) કેન્દ્રિત થાય છે, એવા કાર્યમાં પત્રાદિ લખવા એ એક મોટો વિક્ષેપ લાગે છે. વાસ્તવિક પરિસ્થિતિ એવી ઊભી થાય છે કે, જ્યારે કોઈ જ્ઞાનીને

પૂર્વકર્મના ઉદયે બહારની પ્રતિકૂળતાઓ - અશાતા, નિર્ધનતા અને બીજા પણ અનેક પ્રકારો ઊભા થતાં હોય, અનેક પ્રકારની કોઈ ને કોઈ પ્રતિકૂળતાના પ્રકારો ઊભા થતાં હોય, ત્યારે ભિન્ન પડેલી પરિણતિમાં વિશેષ ઉગ્રતા આવે છે. ભિન્ન તો પડ્યા જ છે, પણ વિશેષ ઉગ્રતા આવે છે. અને જ્યાં જ્યાં એને જોડાવું પડે છે ત્યાં વિશેષ પુરુષાર્થપૂર્વક એ ઉદયને વેદે છે - ભિન્ન પડે છે. વેદે છે એટલે ભિન્ન પડે છે. કેમકે વિશેષ પુરુષાર્થ કરે તો જ ભિન્ન પડી શકે. ત્યાં (તેવા ઉદય પ્રસંગે) ચાલતો પુરુષાર્થ એટલો ને એટલો રહે તો ભિન્ન ન પડી શકે. (અને) તો એ પ્રતિકૂળતાની અસર નીચે આવી જાય. જ્ઞાની પ્રતિકૂળતાની અસર નીચે આવતાં નથી અને એનું કારણ એ વખતનો એમનો વિશેષ પુરુષાર્થ છે. એ વખતે વિશેષ પુરુષાર્થ કરવાં માટે, એમને બધાં પરિણામોને એ વિષયમાં કેન્દ્રિત કરવામાં બધું ગૌણ કરી નાખે છે. પત્ર લખવો, બીજુ-ત્રીજું બધું ગૌણ કરી નાખે છે. એટલે એ વખતે આ બધું - પત્ર લખવો, જવાબ દેવો (એ બધાંમાં) ક્યાંય મન લાગે નહીં. એ વિક્ષેપ જેવું લાગે છે. એમને જે નિજ કાર્ય કરવું છે ને એમાં વિક્ષેપ પડે છે. એટલે એ રીતે (લખે) છે.

**''હમારી તો યહ હી ઇચ્છા હૈ કિ આપકે વિકલ્પ ભી ઔર કહીં ઇધર-ઉધર ન જાકર અપની નિજ ચૈતન્યપ્રતિમાકો ઘડને લગ જાયેં,...''** (અર્થાત્) અંદર નિજ ચૈતન્યપ્રતિમા છે એના ઉપર જેમ પથ્થરમાંથી ટાંકણાંથી મારીને જેમ આખી પ્રતિમા પ્રગટ કરે, એમ સામાર્થ્યમાંથી આરાધન કરીને આખી (પ્રતિમા) પર્યાયમાં પ્રગટ કરે ! જુઓ ! કેવી ભાષા આવી છે! તમારા વિકલ્પ બીજી બાજું જવાને બદલે નિજ ચૈતન્યપ્રતિમાને ઘડવાં લાગી જાય તો સારું ! **''તો વસ્તુકા આશ્રય હોતે હી અપૂર્વતા પ્રકટ હોવે,...''** (અર્થાત્) વસ્તુનો આશ્રય થતાં તમને પણ અપૂર્વતા પ્રગટ થશે. **''...વ હમારી તરફકે નિરર્થક વિકલ્પોંકા અંત હો જાયે.''** (અર્થાત્) અમારી બાજુનો તમારો વિકલ્પ તો નિરર્થક છે, એ કોઈ સાર્થક નથી. અમને તો સહેજે યોગ થઈ ગયો તો આવી જવાશે, સહેજે યોગ નહીં થાય તો (નહીં અવાય). કેટલો સમય નહીં અવાય તેનો હવે કાંઈ પત્તો લાગે એવું નથી. એટલે એ જે ઢીલ મૂકાઈ ગઈ છે એમાં (સોનગઢ આવવામાં) બીજા વર્ષો નીકળી ગયા.

**''હમારા પત્ર આદિ ન મિલે તો કોઈ ખયાલ નહીં કરના ચાહિયે.''** શ્રીમદ્જી લખે છે એવું જ થયું છે. અમારો પત્ર મળે, ન મળે, મોડો મળે તો તમે કોઈ વિકલ્પ નહીં કરતાં. **''હમારી વહાં આનેકી જિજ્ઞાસા કાફી હૈ, અભી યોગ્યતા નહીં હૈ, આને પર સ્પષ્ટ કર સકેંગે.''** એ વાતો રૂબરૂમાં કરશું, ત્યાં આવવાની મારી ભાવના ખલાસ થઈ ગઈ છે, એવું નથી. જિજ્ઞાસા એટલે અહીંયા ભાવના. ભાવના તો છે પણ અત્યારે (ત્યાં આવવાની) યોગ્યતા દેખાતી નથી એટલે પરિસ્થિતિ દેખાતી નથી. પરિસ્થિતિ છે એ નિમિત્તપ્રધાન વાત છે (અને) યોગ્યતા છે એ ઉપાદાનપ્રધાન વાત છે. જે પરિસ્થિતિમાં રહેવું પડે છે, એ પરિસ્થિતિમાં રહેવાની યોગ્યતા છે માટે રહેવું પડે છે. એમ કહે છે.

**''શ્રી ગુરુદેવકા પ્રસાદ દૈનિક યહાં આતા હૈ.''** સદ્ગુરુ પ્રવચનપ્રસાદ દૈનિક આવે છે. **''ઉનકા શારીરિક સ્વાસ્થ્ય ઠીક હોગા.''** એમાં ગુરુદેવના સ્વાસ્થ્ય વગેરેના સમાચાર પણ બરાબર આવતાં હતાં.

મુમુક્ષુ :- એ જમાનામાં કલકત્તાથી સોનગઢ આવવાના કેટલાં પૈસા લાગતા હશે ? સો-દોઢસો રૂપિયા આવવા-જવાના લાગતાં હશે, એટલી પણ વ્યવસ્થા નથી, તો એટલી બધી વિટંબણા હશે !

પૂજ્ય ભાઈશ્રી :- સૅનેટેરિયમમાં રહે એનો અર્થ શું ? હોટલમાં તો ભાડું લાગે. ધર્મશાળામાં, સૅનેટેરિયમમાં એટલો ખર્ચ ન લાગે, એનો અર્થ શું ? કે, ખર્ચ કરવાની વ્યવસ્થા નહોતી. (સાથે) અંદરના પરિણામ શું બોલતાં હતાં ? કે, આ સિત્તેર લાખની આબાદીમાં હું એક જ સુખી છું ! તે દિવસે કલકત્તાની વસ્તી સિત્તેર લાખની (હતી) તો કહે છે કે, હું એક જ સુખી છું. આમ (વાત) છે. જ્ઞાનીને સંયોગાશ્રિત નિર્ધનતા-સધનતામાં સુખ-દુઃખનો હિસાબ-કિતાબ નથી.

મુમુક્ષુ :- કોઈને સ્ટેશન મૂકવા જવાનું હોય કે બીજા કામથી ગયા હોય તો કલકત્તાના સ્ટેશનથી ચાલતાં ઘરે જતાં હતાં.

પૂજ્ય ભાઈશ્રી :- હા, ચાલીને આવી જતાં હતાં. હાવડાથી રીક્ષા કરીને ન આવે. નહિતર ત્યાં તો બિહારીલોકોની હાથરીક્ષા પણ સસ્તી હોય. અને ટ્રામમાં એક આનામાં લઈ આવે (છતાં) ચાલીને ઘરે આવતા રહે. ન ટ્રામમાં બેસે ન રીક્ષામાં બેસે. આપણે તો બહારની કેટલી સાધન-સગવડ-અનુકૂળતા હોય તો ધર્મ કરવો છે, એ વિચારવા જેવો વિષય છે. કોઈ પ્રતિકૂળતા અને ઉપાધિ ન હોય તો આપણે (ધર્મ) કરીએ નહીં તો ન કરીએ. એમ કહે, હમણાં ઉપાધિ છે, શું વિચાર કરે ? હમણાં ઉપાધિ છે માટે હમણાં નહીં થાય. એ રુચિનો અભાવ બતાવે છે.

---

*(પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા)*

તો કાર્ય આવ્યા વગર રહેતું જ નથી. માટે સ્વભાવ ઓળખવાનો જ પ્રયાસ કરવો, થાકવું નહિ. તેનો પ્રયાસ કરવાથી કાર્ય થાય છે અને તે જ સ્વભાવનું ખરું ગ્રહણ કરવાની રીત છે. **(સ્વાનુભૂતિદર્શન-૧૯૨)**

પ્રશ્ન :– જ્ઞાનીને પરિણતિ વ્યાપારરૂપ હોય છે, એવું આપ ફરમાવો છો; પણ તેનો અર્થ સમજાતો નથી ?

સમાધાન :– વ્યાપારરૂપ પરિણતિ એટલે જ્ઞાયકતાની-ભેદજ્ઞાનની પરિણતિ. જ્ઞાનીને સ્વાનુભૂતિ થયા પછી સવિકલ્પદશામાં જેટલે અંશે જ્ઞાયકતા પ્રગટ થઈ છે તેટલી જ્ઞાયકની ધારા વર્ત્યા જ કરે છે. આખી દૃષ્ટિ તો અખંડ દ્રવ્ય ઉપર છે-દ્રવ્યને જ ગ્રહણ કરે છે. અને જ્ઞાન પણ તે તરફ વળેલું છે–અંશે પરિણતિ વળેલી છે, અને તેથી જ્ઞાયકતાની ધારા તો વર્ત્યા જ કરે છે, ભેદજ્ઞાનની ધારા ક્ષણે ક્ષણે વર્ત્યા જ કરે છે, તેના પુરુષાર્થની ધારા–પુરુષાર્થનો વ્યાપાર ચાલ્યા જ કરે છે. ગમે તેવા શુભ વિકલ્પ હોય તો પણ ભેદજ્ઞાનની ધારા-જ્ઞાતાની ધારા વર્ત્યા જ કરે છે. કોઈવાર તેને સ્વાનુભૂતિ થાય કે કોઈવાર સવિકલ્પતામાં હોય; ગમે તે કાર્યમાં હોય કે ગમે તે વિકલ્પમાં હોય, પણ ભેદજ્ઞાનની ધારા-જ્ઞાયકની ધારા, અંશે શાંતિનું વેદન, જ્ઞાયકતા વગેરે બધું તેને કદી છૂટતું નથી. બધાથી ઊર્ધ્વ ને ઊર્ધ્વ, અને છૂટો ને છૂટો રહે છે, તેની જ્ઞાયકતા છૂટતી નથી. જાગતાં, ઊંઘતાં કે સ્વપ્નમાં પણ તેને જ્ઞાયકની ધારા એમ ને એમ ચાલ્યા જ કરે છે.

**(સ્વાનુભૂતિદર્શન-૧૯૩)**

પ્રશ્ન :– ચોથા ગુણસ્થાને વધુમાં વધુ કેટલી ઝડપથી નિર્વિકલ્પદશા થઈ શકે ?

સમાધાન :– એ તો તેના પુરુષાર્થની યોગ્યતા હોય તે પ્રમાણે થાય છે. છઠ્ઠા-સાતમા ગુણસ્થાને ક્ષણ-ક્ષણમાં નિર્વિકલ્પદશા થાય છે. એવું તેને-ચોથા ગુણસ્થાનવાળાને–નથી થતું. ચોથા ગુણસ્થાન કરતાં પાંચમાં ગુણસ્થાને વિશેષ ઝડપ હોય છે, ચોથા ગુણસ્થાને તેને યોગ્ય હોય એટલી ઝડપ હોય છે. છઠ્ઠા-સાતમા ગુણસ્થાને ક્ષણ-ક્ષણમાં-અંતર્મુહૂર્તમાં થાય છે, એવી ઝડપથી ચોથા ગુણસ્થાને નથી થતું. બાકી તો તેના પુરુષાર્થની જેવી ગતિ હોય તે પ્રમાણે થાય છે, તેનો નિયમિત કાળ નથી હોતો.

મુમુક્ષુ :– કોઈ જીવ બહુ પુરુષાર્થી હોય તો ?

બહેનશ્રી :– કોઈ જીવ બહુ પુરુષાર્થી હોય તો તેની નિવૃત્તિ ને અંદર પરિણતિની-જ્ઞાયકની ઉગ્રતા પ્રમાણે થાય. પરિણતિ હોય તો તેને વિશેષ ઝડપથી થાય છે. આ રીતે કોઈને અમુક પ્રકારે થાય ને કોઈને અમુક પ્રકારે થાય, પણ ભૂમિકા ઓળંગીને નથી થતું, ભૂમિકા પ્રમાણે થાય છે. **(સ્વાનુભૂતિદર્શન-૧૯૪)**

**ટ્રસ્ટના 'સ્વાનુભૂતિપ્રકાશ'ના આ ગુજરાતી અંક (ફેબ્રુઆરી–૨૦૧૧નું) શુલ્ક શ્રી પરિચંદ્ર ઘોષાલ પરિવાર, (કલકત્તા)ના નામથી સાભાર પ્રાપ્ત થયું છે, જેના કારણે આ અંક બધા પાઠકોને મોકલવામાં આવ્યો છે.**

# અગ્રીમ નિમંત્રણ

ધન્ય પુરુષાર્થી !!

સદ્‌ધર્મ પ્રેમી ધર્મવત્સલ ભાઈશ્રી / બહેનશ્રી .............................

વીતરાગ સર્વજ્ઞ જિનેશ્વર ૧૦૦૮ શ્રી મહાવીરસ્વામી શાસન ઉદ્યોતકર, જિનધર્મરહસ્યોદ્‌ઘાટક, પંચમકાળને ચતુર્થકાળમાં પરિવર્તિત કરનાર, અનેકાંત સ્યાદ્‌વાદમયી જિનવચનમાં રમનાર, અધ્યાત્મયુગ પ્રવર્તક પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીની અધ્યાત્મદેશના જગપ્રસિદ્ધ છે. પૂજ્ય ગુરુદેવશ્રીનું મહાવિદેહથી ભરતમાં આગમન થતાં ભરતક્ષેત્રમાં સત્યધર્મનો પુનઃ ઉદ્યોત થયો, અનેક જીવો આત્મકલ્યાણના પવિત્ર કલ્યાણકારી માર્ગે પુરુષાર્થવંત થયા. શાશ્વત સુખદર્શક જિનવાણીના મર્મને પૂજ્ય ગુરુદેવશ્રીએ સ્વયંની પવિત્ર દેશના દ્વારા વહેતું કરી. એ પવિત્ર ગંગા આજે પણ અવચિળપણે વહી રહી છે અને પંચમકાળના છેડા સુધી વહેતી રહેશે.

પ્રત્યેક તીર્થંકરનું પુરાણ રચાય છે. તેમાં તેઓશ્રીના આગળ-પાછળના ભવોનો ભવ્ય ઇતિહાસ અંકિત થાય છે. આપણા વ્હાલસોયા પૂજ્ય ગુરુદેવશ્રી પણ આગામી ઘાતકીખંડના ભાવી તીર્થંકરના જીવ છે, જે પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેને સ્વયંના દિવ્ય અલૌકિક જાતિસ્મરણજ્ઞાન દ્વારા જાહેર કર્યું. તીર્થંકર કદી એકલા મોક્ષમાં જતા નથી, અનેક ભવ્ય જીવો તેમની સાથે મોક્ષમાં પદાર્પણ કરે છે. પૂજ્ય ગુરુદેવશ્રીએ સ્વયંના સાતિશય ભવ્ય પુરુષાર્થ દ્વારા કલ્યાણકારી સમ્યગ્દર્શન પ્રગટ કર્યું અને ભારતવર્ષમાં દિવ્યદેશના દ્વારા તેનો ઉદ્યોત કર્યો.

૪૫-૪૫ વર્ષ સુધી સોનગઢમાં રહી તેઓશ્રી આત્મસાધના સાધતા રહ્યા. અનેક જીવો પૂજ્ય ગુરુદેવશ્રીની દિવ્યવાણીનો લાભ પામી સંસ્કારને પ્રાપ્ત થયા. પરંતુ સોનગઢની એ પવિત્ર ભૂમિ ત્યારે ફલવંતી બની કે જ્યારે પુરુષાર્થમૂર્તિ અજોડ ધર્મરત્ન પૂજ્ય નિહાલચંદ્ર સોગાનીજીએ એક જ પ્રવચનના શ્રવણમાત્રથી ભવછેદક સમ્યગ્દર્શન પ્રાપ્ત કર્યું અને પૂજ્ય ગુરુદેવશ્રીના સ્વર્ણમયી ઇતિહાસમાં યશકલગી સમાન કાર્ય કરી ગુરુ-ગૌરવ વૃદ્ધિગત કર્યું છે.

પૂજ્ય સોગાનીજી એક એવા ધર્માત્મા થયા જેઓને પૂજ્ય ગુરુદેવશ્રી સાથે પ્રત્યક્ષ ચર્ચાનો કે વાર્તાલાપનો કોઈ પ્રસંગ બન્યો નહિ. તેઓશ્રીના પરિચયમાં બહુ જ થોડા મુમુક્ષુઓ આવ્યા. પરંતુ સહુ કોઈને જ્ઞાનદશાની ઓળખાણ થવી સુલભ નથી. એવી પરિસ્થિતિમાં જિનમાર્ગ રહસ્યજ્ઞ, વિધિ-પ્રકાશક, નિષ્કારણ કરુણાશીલ, કરુણાસાગર, આત્મહિતૈષી, સૌમ્યમૂર્તિ પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ તેમના પરિચયમાં આવ્યા અને પૂજ્ય સોગાનીજીની તીવ્ર પુરુષાર્થની ગતિને સ્વયંની વિચક્ષણ પ્રજ્ઞા દ્વારા પારખી લીધી. આવા એક તીવ્ર પુરુષાર્થવંત જીવ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીની કૃપા થઈ છે, એમ વિનમ્ર ભાવે પૂજ્ય ગુરુદેવશ્રીને નિવેદન કર્યું. પૂજ્ય ગુરુદેવશ્રીએ તેમના પત્રો અને વચનો દ્વારા પુરુષાર્થની તેજ ગતિ જોઈને કહ્યું, આ જીવ એકાવતારી છે અને અમે જ્યારે મુનિદીક્ષા ગ્રહણ કરીશું ત્યારે અમારા નમસ્કાર આમને પહોંચશે !! અહો ! ધન્ય ગુરુ ! ધન્ય શિષ્ય ! !

પૂજ્ય સોગાનીજીની ૧૦૦ મી જન્મ જયંતિ ઉજવવાનું સદ્‌ભાગ્ય આપણને સૌને સાંપડ્યું તે આપણું મહાભાગ્ય છે. આ પ્રસંગે પૂજ્ય ભાઈશ્રીનો ઉપકાર હ્રદયંગમ કરી તેમના ચરણોમાં કોટિ કોટિ વંદન કરીએ છીએ.

કોઈપણ ધર્માત્માની જન્મજયંતિ ઉજવવી એ આપણા સૌનું મહાન સદ્‌ભાગ્ય છે. સૌધર્મ ઇન્દ્રના દીર્ઘ આયુષ્ય દરમ્યાન અત્યંત આનંદોલ્લાસ પૂર્વક પ્રત્યેક તીર્થંકરોના કલ્યાણ ઉજવે છે.

પૂજ્ય નિહાલચંદ્ર સોગાનીજીની આગામી ૧૦૦ મી જન્મજયંતિ તા. ૧૩-૫-૨૦૧૧ ના રોજ ત્રણ દિવસીય ધાર્મિક કાર્યક્રમથી અત્યંત ભક્તિભાવપૂર્વક સોનગઢની ધન્ય ધરાતલ ઉપર નિર્મિત ગુરુ-ગૌરવ સ્મારકમાં ઊજવવાનું નિશ્ચિત કરવામાં આવ્યું છે. આ ધાર્મિક પ્રસંગે નિમ્ન લિખિત કાર્યક્રમ રાખવામાં આવેલ છે. સમસ્ત ભારતવર્ષના મુમુક્ષુ સમાજને આ પ્રસંગે આમંત્રિત કરવામાં આવે છે. આ પ્રસંગે પધારવાથી આપને નવનિર્મિત 'ગુરુ-ગૌરવ' સ્મારકમાં બિરાજમાન પૂજ્ય સોગાનીજી, પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી તથા પરમ કૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજીની ભવ્ય સંગેમરમરમાં ઉત્કિર્ણ પ્રતિકૃતિના દર્શનનો લાભ મળશે તથા પૂજ્ય બહેનશ્રી ચંપાબહેન તથા પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના ચિત્રપટ તદુપરાંત પૂજ્ય સોગાનીજીના સચિત્ર જીવન દર્શન જોવાનો લાભ મળશે અને સોનગઢ સ્થિત સર્વ જિનાયતનોના દર્શનનો પણ લાભ મળશે. આવનાર મુમુક્ષુઓએ પોતાના આગમનની તારીખ અગાઉથી જણાવવા વિનંતી, જેથી તેમની આવાસ તથા ભોજનની સમુચિત વ્યવસ્થા કરી શકાય.

## ધાર્મિક કાર્યક્રમ

**તા. ૧૧-૫-૨૦૧૧ થી ૧૩-૫-૨૦૧૧**

| | | |
|---|---|---|
| સવારે : | ૫:૪૫ | પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને ઑડિયો તત્ત્વચર્ચા |
| | ૬:૩૦ થી ૭:૧૫ | જિનમંદિરમાં પૂજા |
| | ૭:૩૦ થી ૮:૦૦ | ચા-પાણી, નાસ્તો |
| | ૮:૩૦ થી ૯:૩૦ | સ્વાધ્યાય મંદિરમાં પૂજ્ય ગુરુદેવશ્રીનું ટેપ પ્રવચન |
| | ૧૦:૦૦ થી ૧૧:૦૦ | ગુરુ-ગૌરવ સ્મારકમાં પૂજ્ય ભાઈશ્રી શશીભાઈનું ટેપ પ્રવચન |
| | ૧૧:૩૦ થી ૧૨:૩૦ | ભોજન |
| બપોરે | ૩:૦૦ થી ૪:૦૦ | પૂજ્ય ગુરુદેવશ્રીનું ટેપ પ્રવચન (સ્વાધ્યાય મંદિરમાં) |
| | ૪:૧૫ થી ૫:૧૫ | પૂજ્ય સોગાનીજીનો ગુણાનુવાદ 'ગુરુ ગોરવ'માં. |
| સાંજે | ૬:૦૦ થી ૭:૦૦ | ભોજન |
| રાત્રે | ૮:૦૦ થી ૯:૦૦ | સ્વાધ્યાય મંદિરમાં પૂજ્ય ગુરુદેવશ્રીનું ટેપ પ્રવચન |
| | ૯:૧૫ થી ૧૦:૧૫ | ગુરુ-ગૌરવમાં સાંસ્કૃતિક કાર્યક્રમ, ભક્તિ. |

# પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા



પ્રશ્ન :– બહુ એકાંત સેવવાથી આ સ્વાધ્યાય થઈ શકે ? એવાં સ્થાનોની જરૂરિયાત ખરી ?

સમાધાન :-- જેને જેની રુચિ હોય તે વચ્ચે આવે છે. કોઈ એકાંત સેવે, કોઈ એકાગ્રતા કરે, પણ મૂળ તો પોતાના આત્માને ગ્રહણ કરવાનો પ્રયત્ન કરવો. શાસ્ત્રમાં આવે છે ને આચાર્યો પણ એમ જ કહે છે કે તું તારા આત્માને ઓળખ અને તેની પ્રતીતિ કર. 'બંધો તણો જાણી સ્વભાવ, સ્વભાવ જાણી આત્મનો.' આ બંધ શું છે ? અને આત્મા શું છે ? તે જાણીને 'જે બંધમાંહી વિરક્ત થાયે...' બંધ અને બંધના જે ભાવો તેનાથી વિરક્ત થાય તે પોતાના સ્વભાવને ઓળખે. જે પ્રજ્ઞાથી સ્વભાવને જુદો પાડ્યો તેનાથી સ્વભાવને ગ્રહણ કરી તેમાં એકાગ્રતા કરે તે મુક્તિનો માર્ગ છે, - સ્વાનુભૂતિનો માર્ગ છે. પોતે સાચા જ્ઞાન વગર બધાં બાહ્ય સાધનો ભેગા કરે તો તે પગલું ક્યાં માંડશે ? ઊભો ક્યાં રહેશે ? જે પોતાના સ્વભાવને ઓળખતો નથી તે એકાગ્રતા ક્યાં કરશે ? એકાંતમાં ક્યાં જાશે ? પોતે પોતાને ઓળખવો જોઈએ કે હું આ ચૈતન્ય છું. તે વિના તે ક્યાં પગલું માંડશે ? માટે તેણે જ્ઞાન દ્વારા - પ્રજ્ઞા દ્વારા પોતાને ઓળખવો જોઈએ કે આ હું ચૈતન્ય છું. આમ પોતે પોતાને ગ્રહણ કરી તેમાં એકાગ્રતા કરે તો સાચી એકાગ્રતા થાય. નહિ તો માત્ર શુભભાવનારૂપ થાય છે. **(સ્વાનુભૂતિદર્શન-૧૯૦)**

✤

પ્રશ્ન :– ફક્ત વિચારોના માધ્યમથી સ્વભાવ ગ્રહણ થઈ શકે ?

સમાધાન :-- તત્ત્વવિચારમાં તેનું ધ્યેય એવું હોવું જોઈએ કે હું આત્માને ગ્રહણ કરું. એકલા માત્ર ઉપર ઉપરના વિચારો કે શાસ્ત્રના વિચારો કર્યા કરે તો થાય નહિ. પોતાને ચૈતન્ય ગ્રહણ કરવાના, શાસ્ત્રના, દ્રવ્ય-ગુણ-પર્યાયના વગેરે બધા વિચારો, સ્વભાવ એકદમ ગ્રહણ થઈ જાય તેમ નહીં હોવાથી વચમાં ભલે આવે, તો પણ તેનું ધ્યેય એવું હોવું જોઈએ કે હું મારા આત્માને ગ્રહણ કરું. તેને પોતાના અસ્તિત્વને ગ્રહણ કરવાનું લક્ષ હોવું જોઈએ કે મને મારો આત્મા કેમ ગ્રહણ થાય ? જોકે તત્ત્વના વિચાર એ મુખ્ય સાધન છે, છતાં તેમાં પણ પોતાને ગ્રહણ કરવાનો પ્રયત્ન થવો જોઈએ.

**(સ્વાનુભૂતિદર્શન-૧૯૧)**

✤

પ્રશ્ન :– સ્થૂલ ઉપયોગને સૂક્ષ્મ કરવાની કોઈ પદ્ધતિ નહિ હોય ?

સમાધાન :-- ઉપયોગ સ્થૂલ થવાનું કારણ પોતાને બહારની મહિમા છે; બહારની એકત્વબુદ્ધિ છે તેથી ઉપયોગ સ્થૂળ થઈ ગયો છે.

બહારમાં તેને ક્યાંય ગમે નહિ, ક્યાંય રુચે નહિ, ક્યાંય ચેન પડે નહિ, ક્યાંય સુખ લાગે નહિ અને આ બાજુ સુખ મારા આત્મામાં છે, મને આત્મા કેમ ઓળખાય ? કેમ ઓળખાય ? - એવી જાતની ક્ષણે ને ક્ષણે ચૈતન્યની લગની લાગે, એક ને એક લગની લાગે એનો મહિમા આવે તો ઉપયોગ સૂક્ષ્મ થયા વગર રહે નહિ. સાચી રુચિ લાગે, સાચો પુરુષાર્થ કરે-સાચું કારણ પ્રગટ થાય તો કાર્ય આવ્યા વગર રહેતું નથી. જેમ આકોલિયાનું બી વાવે અને આંબો ઊગે એમ બને નહિ, આંબાનું બીજ વાવે તો જ આંબો ઊગે છે, તેમ આત્માને યથાર્થ ઓળખે, ચૈતન્યનું મૂળ ઓળખે અને પછી તેમાં જ્ઞાન-વૈરાગ્ય-ધ્યાનનું સિંચન કરે તો તે પ્રગટ થાય. તેનો મૂળ સ્વભાવ ઓળખવો જોઈએ. આ સ્વભાવ છે અને આ વિભાવ છે-એમ વિભાવ-સ્વભાવનો ભેદ પાડીને સ્વભાવને ઓળખવો જોઈએ. ખરી લગની હોય

**(શેષ અંશ પૃષ્ઠ સંખ્યા–૧૮ ઉપર)**




**૧૭૪**

મુંબઈ, કાર્તિક વદ ૫, સોમ, ૧૯૪૭

**સંતને શરણ જા.**

સુજ્ઞ ભાઈ શ્રી અંબાલાલ,

તમારું એક પત્ર મળ્યું. તમારા પિતાશ્રીનું ધર્મેચ્છક પત્ર મળ્યું. પ્રસંગે તેમને યોગ્ય ઉત્તર આપવાનું બનશે. તેવી ઇચ્છા કરીશ.

સત્સંગ એ મોટામાં મોટું સાધન છે.

સત્પુરુષની શ્રદ્ધા વિના છૂટકો નથી.

આ બે વિષયનું શાસ્ત્ર ઇત્યાદિકથી તેમને કથન કથતા રહેશો. સત્સંગની વૃદ્ધિ કરશો.

વિ. રાયચંદના ય.

**૧૮૨**

મુંબઈ, માગશર સુદ ૧૩, બુધ, ૧૯૪૭

આપનું કૃપાપત્ર ગઈ કાલે મલ્યું. વાંચી પરમ સંતોષ પ્રાપ્ત થયો.

આપ હૃદયના જે જે ઉદ્ગાર દર્શાવો છો; તે તે વાંચી આપની યોગ્યતા માટે પ્રસન્ન થવાય છે, પરમ પ્રસન્નતા થાય છે, અને ફરી ફરી સત્યુગનું સ્મરણ થાય છે. આપ પણ જાણો છો કે આ કાળમાં મનુષ્યોનાં મન માયિક સંપત્તિની ઇચ્છાવાળાં થઈ ગયાં છે. કોઈક વિરલ મનુષ્ય નિર્વાણમાર્ગની દઢ ઇચ્છાવાળું રહ્યું સંભવે છે, અથવા કોઈકને જ તે ઇચ્છા સત્પુરુષનાં ચરણસેવન વડે પ્રાપ્ત થાય તેવું છે.

મહાંધકારવાળા આ કાળમાં આપણો જન્મ એ કંઈક કારણ યુક્ત હશે જ, એ નિઃશંક છે; પણ શું કરવું, તે સંપૂર્ણ તો તે સુઝાડે ત્યારે બને તેવું છે.

વિ. રાયચંદ

**૧૮૩**

મુંબઈ, માગશર સુદ ૧૪, ૧૯૪૭

**આનન્દમૂર્તિ સત્સ્વરૂપને અભેદભાવે ત્રણે કાળ નમસ્કાર કરું છું.**

પરમ જિજ્ઞાસાએ ભરેલું તમારું ધર્મપત્ર ગયા પરમ દિવસે મળ્યું. વાંચી સંતોષ થયો.

જે જે ઈચ્છાઓ તેમાં જણાવી છે, તે કલ્યાણકારક જ છે; પરંતુ એ ઈચ્છાની સર્વ પ્રકારની સ્ફુરણા તો સાચા પુરુષના ચરણકમળની સેવામાં રહી છે. અને ઘણા પ્રકારે સત્સંગમાં રહી છે. આ નિઃશંક વાક્ય સર્વ અનંત જ્ઞાનીઓએ સમ્મત કરેલું આપને જણાવ્યું છે.

પરિભ્રમણ કરતો જીવ અનાદિકાળથી અત્યાર સુધીમાં અપૂર્વને પામ્યો નથી. જે પામ્યો છે, તે બધું પૂર્વાનુપૂર્વ છે. એ સઘળાની વાસનાનો ત્યાગ કરવાનો અભ્યાસ કરશો. દઢ પ્રેમથી અને પરમોલ્લાસથી એ અભ્યાસ જયવંત થશે, અને તે કાળે કરીને મહાપુરુષના યોગે અપૂર્વની પ્રાપ્તિ કરાવશે.

સર્વ પ્રકારની ક્રિયાનો, યોગનો, જપનો, તપનો અને તે સિવાયના પ્રકારનો લક્ષ એવો રાખજો કે આત્માને છોડવા માટે સર્વે છે; બંધનને માટે નથી. જેથી બંધન થાય એ બધાં (ક્રિયાથી કરીને સઘળાં યોગાદિક પર્યંત) ત્યાગવા યોગ્ય છે.

મિથ્યાનામધારીના યથા.